R.N.I.No. : 11555 / 1966
Vol No. 64 - Issue No. 7

# જ્યોતિપુંજ

Price Rs. 1/-
Total - 44 Pages



October - 2020

JYOTI PUNJ





legrand
LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST
matchwell ELECTRIC COMPANY

## COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

**WHY LEGRAND AT MATCHWELL**

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY, ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

## legrand Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP – LCS³ |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

**Why 1st Choice ?**

* Energy Distribution upto 6300A
* Control and Command
* Voice Data Images
* Active International Presence.
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation innovation

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand

# MATCHWELL ELECTRIC COMPANY

## HINDUSTAN TAPEX COMPANY

ADMINISTATIVE SHOP : Gr. Floor, "C" BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916 TALLKFREE :- 022-39567272 /373
E-mail : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

DISPLAY SHOWROOM : Shop-8, Muljjatha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
PHONE : 022-39567627/ 022-49764924/ Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).
E-mail : tapeindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL – 9320331333).

legrand BCH LUKER steelgrip
Pidilite WD-40 m-seal KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૪ | ૭ | ૨૧-૧૦-૨૦૨૦ |

છુટક કિંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬


❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

Visit us at www.balasinor.org

# નૂતન વર્ષાભિનંદન

**તંત્રી સ્થાનેથી**

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

નૂતન વર્ષ રૂમઝુમ પગલે આવી રહ્યું છે. આપણને સૌને વિવેકપૂર્વક જીવન જીવવાનો પુરુષાર્થ આવનારા આ નૂતન વર્ષમાં પ્રાપ્ત થાઓ. આપણું સમગ્ર જીવન સદ્‌વિચાર અને સદાચારથી સુરભિમય બને તેવો શ્રેષ્ઠ પ્રયત્ન કરીએ. નૂતન વર્ષમાં આપણે સૌ ઠાકોરજી તથા ગુરુની આજ્ઞા અનુસાર ચાલી સમગ્ર જીવનને સુસંસ્કારરૂપી પરિમલ થી શોભાયમાન બનાવીએ તથા સેવા, સત્સંગ, ભક્તિ, ધ્યાન, કલ્યાણકારી કાર્યોના સંનિષ્ઠ પ્રયાસ દ્વારા સાચો જીનવપથ પ્રાપ્ત કરવાનો હૃદયપૂર્વકનો અભિગમ આદરીએ.

નૂતન વર્ષ સર્વને સુખ-શાંતિ-સમૃધ્ધિ-ઐશ્વર્ય-આરોગ્ય બક્ષનારું તથા સર્વ મનોકામના પરિપૂર્ણ કરનારુ યશસ્વી નીવડે તેવી હું પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું.

## ...... અંતરની શુભેચ્છા

- નૂતન વર્ષે આત્મ કલ્યાણ દ્વારા સાચી જીવન રીત પ્રાપ્ત કરવાનો પ્રયત્ન આદરીએ.
- નૂતન વર્ષે કુટુંબમાં, સમાજમાં પરસ્પર પ્રેમ, ઐક્ય, ભાઈચારો, આનંદ-ઉલ્લાસ, ઉન્નત બને.
- નૂતન વર્ષે વિષમ ઝંઝાવાતમાં આપનો આત્મશ્રેયનો દિપક ઝળહળતો રહે !

Mr. BHARAT K. DOSHI
98210 27136

I.S.W.P. ISWP

BHS **BINITA HARDWARE STORES**

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280 Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

---

Mr. PRANAV B. DOSHI
98210 28730

***Novatek Electro Engineers Pvt. Ltd.***

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :

306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail :sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :

AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**

**Bangalore Chennai Gurgaon Hyderabad Kolkata**

Merlin Gerin / Square D / Telemecanique — CONZERV® Smart Energy Management — MEHER — LEIPOLD

CLIPSAL® — DIGILINK® — APC® by Schneider Electric — LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

- નૂતન વર્ષે આપનું જીવન સદ્ગુણોની સુગંધથી મહેકી ઉઠે.
- નૂતન વર્ષે આપનો જીવનરાહ પરમકૃપાળુ પરમાત્મા સરળ અને સફળ બનાવે.
- નૂતન વર્ષે આપણે સહુ પ્રગતિના શિખરે પહોંચીયે.

**નૂતન વર્ષે પરમકૃપાળુ પરમાત્માની અધિક કૃપા વરસે એવી અંતરની શુભેચ્છા.**

## મનની શાંતિ માટે...

- કોઈ પણ કામ કરીએ ત્યારે ઈશ્વરનું નામ લઈ શુધ્ધભાવથી કામ કરવું.
- મનને અશુધ્ધ વૃત્તિઓ તથા સ્વાર્થથી મુક્ત રાખવું.
- મનને હંમેશા સારા વિચારોમાં રમતું રાખવું.
- દૃષ્ટિને હંમેશા શુધ્ધ રાખવી, તે માટે ઈષ્ટદેવ અને મહાપુરુષોના સ્વરૂપ તેમના જીવનચરિત્ર દૃષ્ટિમાં રાખવા.
- મનનો સતત અભ્યાસ કરી આત્મામાં રહેવા પ્રયાસ કરવો. પ્રભુમય રહેવું.

'જ્યોતિપુંજ' ના માધ્યમ દ્વારા પ્રગટ થતા સાહિત્ય દ્વારા મનુષ્ય માનવપણું સમજે, તેને ઉમદા જીવન જીવવાની પ્રેરણા મળે તેમજ તે સદ્ગુણોનો વિકાસ કરી સાચો વિવેક પોતાના જીવનમાં જાગૃત કરે તે માટે નિરંતર આવા માનવ જીવનને સમૃદ્ધ કરનારા સાહિત્ય છપાય, લોકો તેમાં રસ લેતા થાય એવો અમારો સંકલ્પ છે. 'જ્યોતિપુંજ'ના માધ્યમ દ્વારા શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તથા આપણા સમાજની સર્વ સંસ્થા સમાજ સેવાના દરેક કાર્યોની રૂપરેખા દર્શાવે છે. નિઃસ્વાર્થ કાર્યો થાય છે. દરેક કાર્યોની વિગતો સમાજ સુધી પહોંચાડાય છે. સમાજની સર્વે સંસ્થાઓ હંમેશા જ્ઞાતિજનોના કલ્યાણ માટે તેમના ઉત્કર્ષ માટે કટિબધ્ધ બની તેમના જીવનમાં સરળતા બક્ષે છે.

આમ કરીશું ત્યારે જ રાષ્ટ્રના વિકાસ માટે આપણને ઉત્તમ નાગરિક, નિયમિત વિદ્યાર્થી, સેવાભાવી ડૉક્ટર, સંસ્કારી શિક્ષક, નિષ્ઠાવાન સમાજ સેવક, ન્યાયપ્રિય ઉદ્યોગપતિ કે સાચા સંતની પ્રાપ્તી થશે અને વ્યક્તિગત, કૌટુંબિક, ગ્રામીણ, શહેરી, પ્રાંતીય કે રાષ્ટ્રીય સ્તરે આપણે સુખ-શાંતિનો અનુભવ કરીશું. ❖❖❖

Yoga By Bankim Parikh
ONLINE YOGA SESSIONS
CONNECT WITH YOUR SOUL
- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm
Bankim : 9820434322
Shachi : 8097779825
RELEASE YOUR MIND AND BODY

KAYCEE KI

pla

BRISK

RGK MARQUARDT

MET

# MODY ELECTRO TRADERS
# M. C. MODY & BROS. (E.D.)

VIRAL

select

BOHMEN

HIKSON

CE

ETI

UPGREEN CORPORATION

ELMECO

ALTOS ELECTRONICS

Off.: 125 'A' Maskati Mahal, Lohar Chawl, Mumbai - 400 002

Off.: 22080026, 22061909, 22054803 - Fax : (91-22) 22084703
Email: sales@modyelectraders.com ⨯ www.modyelectrotraders.com

# નવા વર્ષના સોનેરી સૂચનો

✍ તંત્રી મંડળ તરફથી

❖ ઈશ્વર કૃપાથી દરેક વ્યક્તિની પહોંચ અને સંપર્ક (કોન્ટેક્ટ્સ) અલગ અલગ હોય છે, માટે તમારા ઘર-ઓફીસ અન્ય સ્થળના જૂના લોકોનો સંપર્ક કરી અત્યારની પરિસ્થિતીમાં શું કામ આવી શકે તે માટે ચકાસી જોવું. ઘણીવાર સંબંધો દ્વારા જીવનમાં ઘણી ઉંચી પ્રગતિ થતી હોય છે.

❖ અત્યારના સંજોગોમાં ઓન-લાઈન ટ્યૂશન્સ ચાલતા હોવાથી બાળકના સ્વાસ્થ્ય માટેની ખૂબ કાળજી રાખવી. આંખ અને ડોક (નેક) ની કસરત ખાસ કરાવવી (Exercise). દિવસમાં ત્રણ થી ચાર વાર આંખ પર ઠંડા પાણીની છાલક મારવી. કોમ્પ્યુટર/લૅપટોપ પાસે ગ્રીન પ્લાન્ટ રાખવો.


❖ આ લખાય છે ત્યાં સુધી ઘણું ખુલી ગયું છે, ટ્રેનો બંધ છે આ પરિસ્થિતીમાં ભૂલથી પણ કોરોનામાં સપડાઈ જવાય તો શરૂઆતના દિવસથી જ ભરપૂર નાળિયેર પાણી (દિવસમાં પાંચ-સાત), મોસંબી જ્યુસ (ભરપૂર) પીવા. રાંધેલું ન ખાતા બધુ કાચું ફળ-શાકભાજી લેવા. આયુર્વેદિક દવા ગિલોય, ત્રિભુવન કિર્તી તેમજ તુલસી રસ, આમળા રસ, ઍલોવીરા જ્યુસ આવી નૈસર્ગિક વસ્તુ તમારા સ્વાસ્થ્ય પ્રમાણે લઈ શકાય, ફેમિલી ડૉક્ટરની સલાહ-સૂચન દ્વારા લઈ શકાય. બે-ત્રણ દિવસમાં આટલું કર્યા પછી સાજા થઈ જાવ તો કોઈ હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નહીં રહે; ગરમ પાણી પીવું, નાસ લેવા (ગરમ પાણીની વરાળ), સાબુથી હાથ ધોવા વગેરે. બધુ જ દૈનિક ધોરણે કરવું. તમારા ફેમિલી ડૉક્ટરની સલાહ મુજબ સર્વ નિર્ણયો લેવા.

❖ કોરોના એ કેટલાય લોકોના સ્વજનો છીનવી લીધા છે ને ફતન દેવાળિયા પણ કરી દીધા છે. આવી પરિસ્થિતીમાં તમારા ઘર-ઓફિસ સલામત રહે તેની જરૂર ચોકસાઈ રાખવી. ભવિષ્યમાં કોઈ ચૂનો ન લગાવી જાય તે માટે જગ્યાની બધા પ્રકારની લે-વેચ-ભાડાપર-રીપેરીંગ-રીડેવલપમેન્ટ બધામાં હોશિયાર વકીલ (એડવોકેટ) ને જરૂર થી (ભૂલ કર્યા વગર) વચ્ચે રાખવો. જેથી ખોટા પેપર વર્ક કે સહીં સિક્કાથી તમારી જગ્યા છીનવાઈ જાય નહીં. નવી જગ્યા લેતી વખતે તમે ખમતીધર હોવા છતાં જાણી જોઈને બેંક લોન (સરકારી બેંક)માંથી લઈને જ જગ્યા લેવી જેથી લેભાગુ લોકો બેંકની માંગણી પ્રમાણે બધી રજુઆત, પેપર્સ નથી આપી શકતા ત્યારે તમે આબાદ બચી જાવ છો અને તમારી રકમ તમારી પાસે સહીસલામત બચી જાય છે. ❖❖❖

## સૌને નવા વર્ષના

## સાલમુબારક, હાર્દિક શુભેચ્છા

એક શુભેચ્છક ના જે જે શ્રી ગોકુલેશ


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
FANS
CONCEALED METAL BOX
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
PRABHAT CABLES PVT. LTD.
POLYCAB
WIRES & CABLES

# 'મારી બકુ'

✍ પ્રવિણા કડકીઆ

'આજે કાયમ માટે વિદાય લીધી. તારું શું થશે એની ચિંતા સદાને માટે દૂર થઈ. હવે તો મારી ચિતાની રાખ પણ ઠંડી થઈ ગઈ. તારો ગુનેગાર છું. તને આમ અસહાય મૂકીને જતો રહ્યો. આશા રાખું છું તારા, શ્રીનાથજી તને સહાય કરશે.'

મારી વહાલી બકુ, તને ખબર છે? છેલ્લા કેટલા મહિનાથી મને કેન્સર છેલ્લા તબક્કામાં હતું. મારી વહાલી બહેન મને તેના ઘરે લઈ ગઈ. ભાઈ તો બહેનને વહાલો હોય ! મને ખબર નથી, તું ક્યાં છે અને કેમ છે ?

ખેર, હવે તો હું તને છોડીને ચાલી નિકળ્યો. જિંદગીના કેટ કેટલા વર્ષો આપણે સાથે ગાળ્યા ! સાથે જીવવાના અને મરવાના સોંગદ લીધા હતા, હું તેમાં નાપાસ થયો.

તે મને અને મેં તને જેવા હતા તેવા સ્વીકાર્યા હતા ! તારી નબળાઈ મારાથી છુપી ન હતી. તેમજ મારી નબળાઈ ગણો તો નબળાઈ અને આવડત બન્નેથી તું પરિચિત હતી.

આજે ભલે હું નથી રહ્યો કિંતુ તારું શું થશે એ ચિંતા દિલમાં લઈને જાઉં છું. આશા છે મારી ગેરહાજરી તને થોડી બહાદુર બનાવવામાં સફળ પુરવાર થાય ! બાકી હું હવે દુર રહી નહીં તારું ધ્યાન રાખી શકું કે નહીં તારી કોઈ વાત સાંભળી તેનો ઈલાજ કરી શકુ !

મને ખાત્રી છે, 'તારો શ્રીનાથજી' તને સહાય કરશે ! તારી એનામાં જે અપાર શ્રધ્ધા છે તે હવે તને પૂરવાર કરી આપશે. તે નહી નહી તો ૬૦ વર્ષ મારો સાથ નિભાવ્યો હતો. સાચું કહું, 'હું તને ખૂબ પ્રેમ કરતો હતો !'


ભલે દુનિયાને જે માનવું હોય તે માને ? મેં ક્યારેય દુનિયાની દરકાર કરી ન હતી ! મને તો મારી બકુના મુખ પરનું નિર્મળ હાસ્ય જોવું ગમતું હતું. તું શાંતિથી જીવજે. તું જીવીશ ત્યાં સુધીની સગવડ મેં કરી છે. બસ તારી તબિયત સાચવજે. બિમાર થઈશ નહીં !

બાકીની જિંદગી શ્રીજીને સમરવામાં પસાર કરજે. તારો વિચાર આવે ત્યારે મને દુઃખ થાય છે. પણ હું નિઃસહાય છું. સાવ ખોટું બોલું છું, તારો વિચાર હવે મને નહી આવે !

તને આમ છોડી જવા બદલ હું તારો ગુનેગાર છું બને તો મને ક્ષમા આપજે !

**વહાલા દીસી છે જગમાં, સાચે જ સ્વાર્થી છે તે**
**આનંદ એક ઘડીનો, બરબાદીનો એ રાહ છે,**
**શાંતિ પરમ તો મળશે, આત્માના બે મિલનમાં,**
**આવાગમનથી છૂટવા સમતાની દ્રષ્ટિ માંગુ.....**

❖ ❖ ❖



# કેસર

✍ નિલેશ નવીનચંદ્ર દેસાઇ (તેલવાળા)

'સોના વાટકડી રે કેસર ઘોળ્યા વાલમિયા' એ લોકગીતમાં કેસરને સોનાની વાટકીમાં ઘૂંટવાની વાત કરી છે. લોકહૈયામાં કેસરનું સ્થાન કેટલું ઊંચું છે તે વાત અહીં ઉપસી આવી છે. ભારતીય સમાજમાં કેસરનું સ્થાન સર્વોચ્ચ છે અને સદાય રહેશે એ નિર્વિવાદ હકીકત છે. હિન્દુ પરિવારમાં કોઈપણ ધાર્મિક અનુસ્થાન હોય કે માંગલિક પ્રસંગ હોય, સૌભાગ્યવતીનું કુમકુમ હોય કે ઈષ્ટદેવની આરાધના, દરેક શુભ અવસરે કેસરનો ઉપયોગ થતો જોવા મળે છે. માટે જ આપણા પુષ્ટિમાર્ગમાં સવારે ઠાકોરજીને સ્નાન કરાવતા વખતે જ કેસરથી શરૂઆત થાય છે જેમ કે 'યમુના જળમાં કેસર ઘોળી સ્નાન કરાવું શામળા....' એ કેસર છે એની તોલે અન્ય કોઈ વનસ્પતિ આવતી નથી. કેસર એના રંગ અને ગુણને લીધે વિશેષ ઉપયોગી બની રહે છે.

ભારતનો જમ્મુ-કાશ્મીરનો પ્રદેશ એ કેસરની જન્મભૂમિ છે. કેસરની ખેતી પંદરસો વરસથી અહીંયા નિયમિત રીતે થતી આવે છે. કાશ્મીર ખીણના પમ્પોર વિસ્તારમાં સન ૫૫૦ થી કેસરની ખેતી શરૂ થઈ હોવાનો ઉલ્લેખ મળી આવે છે. આજે પણ આ વિસ્તારમાં કેસરની ખેતી થાય છે. જમ્મુના ડોડા જિલ્લાના કિશ્તવાડ તાલુકાનાં પૂછલ, મટ્થા, ચરહાર તથા ટુંડમાં ઉત્પન્ન થતું કેસર આજે વિશ્વનું સૌથી સારું અને સુંગધી કેસર ગણાય છે. કાશ્મીરનું વિશેષ પ્રકારનું વાતાવરણ, જમીનની ખાસ પ્રકારની માટી, ઢોળાવવાળી જમીન આ બધાને લીધે આ વિસ્તારમાં થતું કેસર દુનિયાભરમાં પંકાય છે. દેશ-દેશાવરમાં અહીંના કેસરની મહેક ફેલાઈ છે. પમ્પોરમાંથી કેસરનો ફેલાવો અનેક જગ્યાએ થયો હોવા છતાં જમ્મુ કાશ્મીરનું હવામાન કેસરને માટે સવિશેષ અનુકૂળ હોવાથી અહીં ઉચ્ચ ગુણવત્તાવાળું કેસર પ્રાપ્ત થાય છે. કેસરને ઘણા લોકો જાફરાન તરીકે પણ ઓળખે છે. તમાકુને સુગંધીદાર બનાવવા માટે તેમાં કેસર ઉમેરવામાં આવે છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ વનસ્પતિ સૃષ્ટિનું વર્ગીકરણ કરવામાં આવેલું છે. તેમાં કેસરનો છોડ ઈરિડેસી કૂળમાં આવે છે. કેસરનું વૈજ્ઞાનિક નામ 'કોકસ સેટાઈવસ' છે. સામાન્ય રીતે તેની ખેતી શુષ્ક શીતોષ્ણ વિસ્તારમાં સારી થાય છે. વર્ષ દરમિયાન ત્રીસ-ચાલીસ સેન્ટિમીટર જેટલો વરસાદ પડતો હોય એવા ઊંચા ઢોળાવવાળા વિસ્તારમાં તથા ફૂલ બેસે ત્યારે દિવસનું તાપમાન વીસથી ત્રીસ ડીગ્રી સેન્ટિગ્રેટ રહેતું હોય તે પ્રકારનું હવામાન કેસરને માટે સાનુકૂળ હોય છે. ઓગષ્ટ મહિનાથી શરૂ કરી સપ્ટેમ્બર મહિનામાં કેસરની ખેતી શરૂ થાય છે. કેસરની ગાંઠ ઢોળાવવાળી સમતલ જમીનમાં રોપવામાં આવે છે. એક જ ગાંઠમાથી દસ-પંદર વર્ષ સુધી ફસલ લઈ શકાય છે. કેસરનો છોડ નાનકડો હોય છે. જે લગભગ ચાલીસ સેન્ટિમીટર એટલે કે સવા થી દોઢ ફૂટ જેટલો ઊંચો થાય છે. જ્યારે જમીનમાંથી છોડના અંકુર ફૂટે છે ત્યારે અણીદાર ઘાસ જેવો એનો દેખાવ હોય છે. પર્ણની વચમાંથી સરસ મજાનું જાંબલી રંગનું ફૂલ નીકળે છે. જે લામ્બા નળાકાર અને સોઈ જેવા આકારના હોય છે. ફૂલની પાંદડીઓ વચ્ચે પરાગ ભરેલી ત્રણ લાંબી કેસર દાંડી તથા ત્રણ નાની વળેલી પીળી દાંડીઓમાં કેસર હોય છે. લાંબી દાંડીનું કેસર

RR KĀBEL

SCAME INDIA
electrical solutions

legrand

MK
Honeywell

eubiq

Schneider Electric

BHAVIK PARIKH

EEE® ESSEN ELECTRICAL ENTERPRISE

Block No. 2A, Ground Floor, Jawahar House, 285, Princess Street, Next to Saraswat Co-op. Bank Ltd.,
Near Parsi Dairy Farm, New Marine Lines (E) MUMBAI - 400 002.
Phone : 2201 0018 / 2206 4726 • E-mail : essenelec@gmail.com • www.esselectric.com

સૌથી ઉત્તમ ગણવામાં આવે છે. તે શાહી કેસર તરીકે ઓળખાય છે. નાની દાંડીમાં પણ કેસર હોય છે. આથી કેસરની શુધ્ધતા તપાસવી એ અઘરું કામ છે. ચાલીસથી પચાસ હજાર રૂપિયે કિલો મળતા કેસરનો ભાવ, કેવા પ્રકારનું કેસર છે એની ઉપર આધારિત હોય છે. એક કિલો કેસર મેળવવા માટે લગભગ દોઢ લાખ જેટલા ફૂલ વીણવા પડે છે. કેસરનું ફળ સંપુટ-કેપ્સુલ તરીકે ઓળખાય છે. તેમાં બીજ હોતા નથી. તે બટેટા, આદુ, હળદરની માફક જમીનમાં ફેલાય છે. કેસર તૈયાર કરવા માટે સ્ત્રીકેસરના ઉપરનો ભાગ ઉપયોગમાં લેવાય છે. કેસરના વૃધ્ધિ અને વિકાસ માટે તાપ નુકશાનકારક છે. એટલે દિવસ ઊગે એ પહેલાં જ છોડ પર ઉગેલા ફૂલ વીણી લેવામાં આવે છે. ફૂલને શાહી જાફરાન, મોગરા, લચ્છો તેમજ તુરેલા એમ ચાર ભાગમાં જુદા પાડવામાં આવે છે. વીણેલા ફૂલોને સવાર-સાંજ ખુલ્લામાં સૂકવવામાં આવે છે. ત્યારબાદ તેને હવા ચૂસ્ત ડબામાં ભરવામાં આવે છે. કેસરનો ઉપયોગ શાહી પરિવારમાં થતો આવ્યો છે. મોગલ રાજવી અકબરે તેને શાહી ફસલ તરીકે ઓળખાવી છે. સૌંદર્ય પ્રસાધનોમાં એના રંગ અને સુગંધને લીધે કેસર વપરાય છે. પરંતુ હેનરી આઠમાએ ઈંગ્લેન્ડમાં સ્ત્રીઓ જે સૌંદર્ય પ્રસાધનોનો ઉપયોગ કરતી હતી તેમાં કેસરનો ઉપયોગ કરવા સામે પ્રતિબંધ મૂક્યો હતો. કેસર અતિ મોંઘુ હોવાથી તેમાં ભેળસેળ થવાનું પ્રમાણ વધતું જાય છે. ૧૪૫૬ ની સાલમાં હાંસ કોલબેલે કેસરમાં ભેળસેળ કરી એટલે નૂરેમ્બર્ગમાં એને જીવતો દાટી દેવામાં આવ્યો હતો. આજે કાશ્મીરી કેસરની સાથે ઈરાની કેસરની ભેળસેળ થતી જોવા મળે છે. ભારતનો એ ભવ્ય ભૂતકાળ હતો કે એક સમયે કેસરનું ઉત્પાદન માત્ર ભારતમાં જ થતું હતું. આપણે ત્યાંથી જ અન્ય દેશોમાં કેસરની નિકાસ થતી હતી. આજે દુનિયાના અનેક દેશોમાં કેસર ઉગાડવામાં આવે છે. તેમાં સ્પેનના લોમેકા વિસ્તારમાં કેસરની ખેતી થાય છે. આજે ભારત ઉપરાંત ઈરાન, સ્પેન, ગ્રીસ, અરબેઝન, મોરોક્કો-ઈટાલી વગેરે જગ્યાએ કેસર ઉગાડવામાં આવે છે. બ્રિટનમાં પણ ભારતના પગલે કેસરની ખેતી શરૂ થઈ ગઈ હતી. આજે કાશ્મીર ઉપરાંત હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશના ઉત્તર કાશી, પિથોરાગઢ, ગઢવાલ, સાંગલા વગેરે જિલ્લાઓમાં કેસરનું ઉત્પાદન લેવાના પ્રયાસો સફળતાપૂર્વક થઈ રહ્યા છે. મીઠાઈમાં પણ રંગ અને સુગંધનો સુમેળ સાધવા કેસર સર્વશ્રેષ્ઠ બની રહે છે. પ્રાચીન ભારતમાં તેમ જ ગ્રીસ અને રોમમાં શાહી જનાનાખાનામાં સ્થાન કરતી વખતે પાણીમાં કેસર ઉમેરવામાં આવતું હતું. તેનો ચળકતો પીળો રંગ ચિત્રકારીમાં વપરાતો હતો. ચીન અને ભારતમાં કાપડ રંગવા માટે કેસરનો ઉપયોગ થતો હતો. કેસરમાં દોઢસો જેટલા બાષ્પશીલ પદાર્થો રહેલા છે. જેમાં મુખ્યત્વે ઝેન્થેનીન અને લાઈકોપીન હોય છે. તેના રંગ માટે આલ્ફા ક્રોસીન મુખ્ય રસાયણ હોય છે જ્યારે સુગંધનું કારણ સેફ્રેનાલ છે. કેસરનો ઉપયોગ દવામાં થાય છે. આર્યુવેદ અને યુનાની પધ્ધતિથી તૈયાર થતી દવાઓમાં કેસર વપરાય છે. પ્રાચીન સમયમાં ૯૦ જેટલા રોગોમાં ઈલાજ કરવા માટે કેસર વાપરવામાં આવતું હતું. આધુનિક વિજ્ઞાને કેન્સર સામે તેને એન્ટિ ઓક્સિડંટ તરીકે કેસરને મહત્ત્વનું ઔષધ ગણાવ્યું છે.

❖ ❖ ❖

**SHAH & SHAH ENTERPRISE**

1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.

022 - 2201 7283 info@shahent.co.in www.shahent.co.in

+91-98198 17568 / 98670 13920 Lohar Chawl Talk Free Extension – *743

Authorized Stockists:

MERSEN

*Expertise, our source of energy*




Solar PV Fuse | Time Delay Fuse | Midget Fast-Acting Fuse | UltraSafe™ FuseHolder



Protistor fuse (all sizes) | BS Semiconductor fuse | Semiconductor | SPDs

D-Link®
Building Networks for People



# થેન્ક યુ જિંદગી

**સતીશભાઈ પરીખના કાવ્યસંગ્રહમાંથી રસપાન.**
**(પ્રથમ આવૃત્તિ ૨૦૧૩)**

શ્રી સતીશભાઈ પરીખના શુભહસ્તે આ ઉત્તમ કાવ્ય સંગ્રહ સપ્રેમ ભેટ રૂપે તેમણે મને (બંકીમ પરીખને) આપ્યો હતો. આ કાવ્યસંગ્રહની લયબધ્ધ પ્રસ્તાવના દિગ્ગજ સાહિત્યકાર, કવિ, વિવેચક શ્રી હિતેન આનંદ પરા એ 'અવરસનો આનંદ' શિર્ષક હેઠળ રજૂ કરી છે. જે ખરેખર શ્રી સતીશભાઈનું શ્રેષ્ઠ સન્માન, પરમઆદર ગણી શકાય.

**શ્રી હિતેન આનંદપરના શબ્દો......**

સાહિત્યમાં અભિવ્યક્તિના અનેક સ્વરૂપો છે. નિબંધ, નવલકથા, નવલિકા, લેખ, કવિતા વગેરે. વિષયને બૃહદ ફલક પર રજૂ કરવાનો હોય ત્યારે નવલકથા પાસે જવું પડે. પણ લાગણીનું લાઘવ રમવાનું હોય ત્યારે કવિતા કામ આવે. ચાર પાનાંનો લેખ જે વાત ન કહી શકે એ ચાર પંક્તિઓમાં આવરી શકાય એવી શક્તિ આ સ્વરૂપની છે.

આનંદ એ વાતનો છે કે કવિતાને જિંદગીનો એક અંતરંગ હિસ્સો બનાવનાર વડીલ શ્રી સતીશભાઈ પરીખ ૭૫ વર્ષની ઉંમરે પહેલો કાવ્યસંગ્રહ લઈને આવે છે. આમ તો તેઓ છેલ્લા પચાસ વર્ષોથી લખે છે, પણ પુસ્તકરૂપે હવે પ્રગટ થઈ રહ્યા છે. આ કાવ્યોમાં તેમના અનુભવો પણ વર્તાય છે અને ઉત્તમ ગ્રહણશક્તિનો ચિતાર પણ મળે છે. તેમના કાવ્યમાં અંગત વાતો પણ છે અને સમાજ કે દેશને સ્પર્શતા પ્રશ્નો પણ છે. પુસ્તકોમાં તેઓ વધુ ખીલે છે. જન્મભૂમિમાં નિયમિત રીતે પ્રગટ થયેલી એમની કૃતિઓને કારણે તેમનું નામ સતત વંચાતું રહ્યું છે.

આ કાવ્યોમાં પ્રિયજનનો ખાલીપો, પરમેશ્વર પ્રત્યેની અનુમોદના, હળવાશ સાથે આવતી પ્રતીક્ષા, જન્મ-મરણના ચકરાવામાં વિસ્તરતુ સંવેદન જગત, જિંદગી જોવાની સમજ, આધ્યાત્મિક, અભિગમ નિરૂપાયા છે. અહીં સંબંધોના વિવિધ પ્રતિબિંબ ઝિલાયા છે. દેશમાં ચાલી રહેલી અને મનને ખટકતી લેભાગુ ગણતરીઓને પણ તેમણે કાવ્યોમાં આવરી છે. જાણીતા ગીતોના ઢાળ આધારિત કાવ્યો પણ રચ્યા છે અને કેટલાક કાવ્યોના ભાવાનુવાદ પણ સામેલ કર્યા છે. પ્રેમપુરી આશ્રમમાં કેટલાક ભજનો ગવાયા પણ છે. જે સારું મળે એને ગ્રહણ કરવાની સજ્જનતાને કારણે તેમણે સાંભળેલા પ્રવચનો અને વાંચેલા પુસ્તકોની ઉત્તમ શીખ પણ કાવ્યોમાં ઝિલાયેલી જોવા મળે છે.

આ કાવ્યસંગ્રહ દ્વારા પોતાના મનોજગતના ભાવોને સ્વજનો અને મિત્રો સાથે વહેંચવાના ઉમદા ઉદ્દેશને વધાવીએ જિંદગીની સાંજના સમયમાં ખુશનુમા સવારનો અનુભવ કવિ માટે જરૂર સંતોષ-પ્રદ અનુભૂતિ બની રહેશે એવી શ્રધ્ધા સાથે અંતરના અભિનંદન.

**તો આવો આપણે પણ અંતરના ઉલ્લાસને આ સુધારસ થી ઉજાળીએ.**

# SWETA ELECTRIC CORPORATION

71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002

TEL NO.: 22087171 / 22088662 / 65207269

Email: sweta@xlelectricals.com

PRAFUL SHAH : MOB: 98339 25359

## AUTHORISED DEALERS


dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO





BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

નિરોગી સ્વાસ્થ્ય, આદર કાજ, શ્રીજીનો પાડ માનું છું. મળ્યો પરિવાર પણ સારો, શ્રીજીનો પાડ માનું છું. માંગ્યા વિના, લાયકાત વિના ઝાઝું મળ્યું છે. અહીં મળ્યા સ્વજન-સખા સારા, શ્રીજીનો થઈ માનું છું.

જિંદગીમાં જે ઘડીએ, જે થવાનું છે, થશે
જીવનો ઉપાય તેમાં કંઈ નથી, થઈને રહેશે
ભાવિની ચિંતા ત્યજીને, સાક્ષી ભાવે જીવીએ,
સૃષ્ટિક્રમ સદીઓથી ચાલે છે, અવિરત ચાલશે.

### દર્શન માહાત્મ્ય

જીવન થાય સુખી ને મંગલ, મંગળા દર્શન થકી,
પ્રાપ્તિ થાય સ્વર્ગલોકની, શૃંગારના દર્શન થકી,
ગ્વાલની ઝાંખી થકી, પ્રતિભા બની રહે ભક્તની,
વૃધ્ધિ થાય ભોગો તણી, રાજભોગના દર્શન થકી,
ઉત્સાહ-ઉત્કંઠા વધે, ઉત્થાપન કેરા દર્શન થકી,
ભરોસો બને દૃઢ ચરણમાં, ભોગના દર્શન થકી,
આર્તતા આવે જીવનમાં, આરતીના દર્શન થકી,
શાતા મળે સાચી વૈષ્ણવને, શયનના દર્શન થકી,
પૃષ્ટિમાર્ગમાં શ્રી મહાપ્રભુજી,
વૈષ્ણવોના કલ્યાણ કાજ,
આઠે સમાના દર્શન કરવા, ભક્તોને પાડે છે સાદ.


### ગરજતા મેઘને......!

ગરજતા મેઘને કહી દો, અનુશાસન પર્વ ચાલે છે.
વરસતા વાદળોને કહી દો, ઈમરજન્સી અહીં ચાલે છે....
ગમે ત્યારે, ગમે તેટલું, વરસવાનું નહિ પાલવે,
વધુ પડતો થશે વીજનાદ, તો પણ તે નહિ ચાલે,
સમજવા લાગ્યો છે નાગરિક, જીવનમાં શિસ્તની કિંમત,
તારી શોભા પણ તેમાં છે, જો સમજે શિસ્તની કિંમત...
અનાવૃષ્ટિ નહીં ચાલે, અતિવૃષ્ટિ નહિ ચાલે,
નિયમિત એકવાર તો આવવું પડશે નિત તારે,
જીવન વ્યવહાર ખોરવાઈ જાય, તો પલભર નહિ ચાલે,
શહેર સરવર બને તે પણ, હવે ક્ષણભર નહીં ચાલે....
બધાને ખંતથી નિજકામ કરવા, દઈને તું આવજે,
કશું નુકશાન પણ કીધા વિના, શાંતિથી વરસજે.....

### વિદાય વેળા

**(રાગ : તને સાચવે સીતા સતી)**

તમે આપી શકું હું કેટલું ? શું ?
સુખી થાજે સાસરિયે તું... સુખી.
ઝરને ઝવેરાતની કાંઈ વિસાત નથી,
ધન દૌલતની પણ કાંઈ કિંમત નથી.
ઘરને કરજે તું મંદિર સમુ.... સુખી.
મૃત માતાનો પ્યાર સજીવન થશે,


METACOLOR
METACOLOR
[GALVANISED COLOUR COATED SHEETS]
Mfg by : ESSAR STEEL INDIA LTD. - PUNE.
APPLICATIONS
ROOFING & CLADDING FOR
INDUSTRIAL PROJECTS, HOTELS, FARM HOUSES & BUNGALOWS
BISON PANEL
[CEMENT BONDED WOOD PARTICLE BOARD]
APPLICATIONS
PARTITIONS, FALSE CEILING, MEZZANINE FLOOR, WALL CLADDING,
WALL PANELING, SITE CABIN, PREFAB HOUSES & TRANSIT CAMPS
Authorised Dealers / Distributors
Ralson International

શ્વસુર પપ્પા કરતાં ઘણાં શાંત હશે.
સપના સાકાર કરશે પ્રીતમ સહુ.... સુખી.
દિલના ટુકડાને અળગો કર્યો છે હવે,
મૂકીને માયા-મહોબ્બત અહીંને સર્વે.
પારકાને પોતીકાં કરજે હવું તું... સુખી.
ભાઈ-બહેનો ઝગડશે ના કોઈ હવે,
શુશ્રુષા કરવી પડશે નહીં કોઈની હવે,
ઘરને કરજે તું સ્વર્ગ સમુ..... સુખી.

**સમતાની દ્રષ્ટિ માંગુ**

સુખથી કદી છકું ના, દુઃખ થી કદી ડરું ના
અપકારથી ખીજું ના, ઉપકારથી છકું ના
નિંદાથી ક્રોધિત થાઉં ના, સ્તુતિથી હું ફુલાઉં ના
જગને નીરખવા એવી સમતાની દ્રષ્ટિ માંગુ....
સુખદુઃખ તો નીરંતર, આવાગમન અહર્નિશ,
સ્થિતપ્રજ્ઞ થઈ નીરખવા, સમતાની દ્રષ્ટિ માંગુ
ત્યાગી જીવન જીવીને, નિજ જરૂરતો ઘટાડી,
લૂલીના લાડ છોડી, જીવન પુનિત બનાવું.....
સંસાર છે એક નાટક, ભજવીને ભાગ અદાથી,
નિસ્વાર્થ સેવા કરતા, મૃત્યુને ભેટવાનું,
જન્મેલ તે જવાનો, વહેલો કે પછી મોડો,
ભક્તિનું ભાથું બાંધી, મંગલ બનાવી મૃત્યુ...
વહાલા દીસી છે જગમાં, સાચે જ સ્વાર્થી છે તે
આનંદ એક ઘડીનો, બરબાદીનો એ રાહ છે,
શાંતિ પરમ તો મળશે, આત્માના બે મિલનમાં,
આવાગમનથી છૂટવા સમતાની દ્રષ્ટિ માંગુ.....

# મુક્તકો

જિંદગી આખી સતત, ક્રિકેટની એક મેચ છે,
અવનવા પડકારો નિત, અહીં ઝીલવાના હોય છે,
ક્લીન બોલ્ડ, કેચ આઉટ કે એલ.બી. થવા વિના,
પ્રારબ્ધ કેરા બોલને ફટકારવાના હોય છે.

જિંદગીના કોડિયામાં તેલ ખૂટતું જાય છે,
ને દિપક જીવંત તણો, હરક્ષણ બુઝાતો જાય છે,
સત્સંગને સત્કર્મરૂપી તેલ જો માનવ પૂરે,
વાટ સંકોરવાને કાજે, ઈશ ખુદ આવી ચડે.

વારસામાં વારસો ને, બે જ વસ્તુ આપીએ,
મૂળિયા રૂપી સંસ્કાર, ને વિહરવાને પંખ બે,
ધન દોલત, સાહ્યબી, સુખ કામ કાંઈ આવે નહિ,
જિંદગી માનવની માફક, જીવે તેવું આપીએ.

સત્ય, રજને તમસ, ત્રિગુણ ઈશ કેરી દેણ છે,
પ્રત્યેક માનવજીવનમાં, મહદઅંશે હોય છે,
હણી તમસ, રજસ સુધારી, વધારીને સત્વને,
ગુણાતીત થવા પ્રેરે શ્રીકૃષ્ણ ગીતામાં જીવનમાત્રનો.

સાવજ મળે જો માર્ગમાં, સામે થવાનો અર્થ શો ?
પ્રકાશ હોય દેખાતો તોય, અંધારા કૂવામાં જવાનો અર્થ શો ?
દોડી જવાનો અર્થ શો ? પ્રજ્વલિત અગનજ્વાળા સમીપ,
કુળનાશનું પાપ વહોરીને, રાજ્ય કરવાનો અર્થ શો ?

જીવ, જગત, જગદીશનો સંબંધ જામે, જાગૃત તે,


વૈરાગ્ય થાય વિષય-વાસનાથી, જાગૃત છે કહેવાય તે,
દુ:ખની માફક સુખમાં પણ, શ્રીજીને અહર્નિશ જે સ્મરે,
સૃષ્ટિમાં સફર કરે મુસાફર તરીકે, જાગૃત તે.

ગીતા છે મુજ માવડી,
બાળક છું હું અબોધ, પડું, રડું કે આખડું,
ઊંચકી લે નિજ ગોદ


શ્રીમદ્ ભાગવત ગીતા જેમ જીવનબોધ સમજાવે છે. વર્ષોના વર્ષ પછી પણ પ્રત્યેક પ્રશ્નોના સચોટ પ્રત્યુત્તર, સમાધાન તેમાંથી પ્રાપ્ત થાય છે. ઈશ્વરની ત્રિગુણાત્મક શક્તિની સમજ આવે છે અને વર્ષોવર્ષ ભવિષ્યમાં પણ તે જ જીવન જીવવાનો સાચો માર્ગ, મર્મ બની રહેશે તેમ શ્રી સતીશભાઈ પરીખનો આ કાવ્યસંગ્રહ તેમના જીવનનો સુંદર નિચોડ છે. પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન નો સંપુટ છે. ભવિષ્યમાં, આવનારા દિવસોમાં જો આ કાવ્ય સંગ્રહ 'ઓન લાઈન' વાંચી શકાય તેવું કાર્ય થાય તો બાલાસિનોરના સમાજ ઉપરાંત જીવન રાહ પર ભટકી ગયેલા, ગભરાઈ ગયેલા નિરાધાર, નિરાશ તેમજ પ્રત્યેક જિજ્ઞાસુને આ વિશિષ્ટ કાવ્યસંગ્રહનો લાભ મળશે. જીવન જીવવાનો માર્ગ મળશે.


❖ ❖ ❖

# રંગોળી - પંકજ શાંતિલાલ પરીખ (જૂનાગઢવાળા)









# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા હોય કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક - એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

## સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.

શો-રૂમ : શોપ નં. ૧ અને ૨, સેન્ટર સ્ક્વેર બિલ્ડીંગ, ભિડાઈ એકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૫૫૫

# દેશ - વિદેશમાં ઉજવાતો મહા પર્વ એટલે દિવાળી

## વિદેશોમાં પણ ઉજવાતી દિવાળી

દિવાળીની ધામધૂમથી ઉજવણી દરેક ભારતીય જ્યાં હોય ત્યાં તે વતનના સંગાથે તથા આપણા ભારતીય રીત-રિવાજોની પરંપરાગતને અનુસરીને એટલી જ ધામધૂમથી ઉજવણી કરે છે. દરેક તહેવારની ઉજવણીમાં વિવિધ પ્રકારના પોષાક, વાનગીઓ, તહેવાર સાથે જોડાયેલી ધાર્મિક કથા, માન્યતા રહેલી છે. આ પ્રકારનું કલ્ચર ફક્ત ભારતમાં જ જોવા મળે છે. દુનિયામાં ભારત જ એક માત્ર એવો દેશ છે, જ્યાં વિવિધ પ્રકારના ધર્મ, પરંપરા, જ્ઞાતિઓ વસે છે અને દરેક તહેવારને સેલિબ્રેટ કરે છે. ભારતીયનો મૂળ તહેવાર એટલે દિવાળી. જે ભારતીય વિદેશમાં વસી ગયા છે, તેઓ ભારતના તહેવારોને હંમેશા યાદ કરે છે અને ધામધૂમથી ઉજવે છે. છેલ્લા કેટલાંક સમયથી તો ભારતના વિવિધ પ્રકારના તહેવારો વિદેશોમાં પણ ઉજવવામાં આવે છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં ભારતીય અમેરિકન સમુદાયની સાથે દિવાળીની ઉજવણી કરી હતી. ઘણાં સમયથી ફક્ત અમેરિકા જ નહીં દુનિયાના અન્ય દેશો પણ દિવાળીની ઉજવણીમાં ભાગ લઈ રહ્યાં છે. આવો તો તે દેશોમાં દિવાળીના સેલિબ્રેશન પર નજર કરીએ.


**શ્રીલંકા :** શ્રીલંકામાં ભારતની જેમ જ દિવાળી ઉજવવામાં આવે છે. દિવાળીનો તહેવાર હિન્દુ ધર્મના મહાકાવ્ય રામાયણ સાથે સંકળાયેલો છે, અને રામાયણમાં શ્રીલંકાથી રામ વિજયી બનીને પાછા ભારત ફર્યા હતા, તેથી શ્રીલંકામાં દિવાળી તહેવારને ત્યાં રહેતા તમિલવાસીઓ દ્વારા પાંચ દિવસની ખૂબ ધામધૂમથી ઉજવણી થાય છે. આ તહેવારમાં તેઓ ફટાકડા, ઓઈલ લેમ્પ્સના પ્રકાશનો પ્રદર્શન અને મિત્રો સંબંધીઓ સાથે વિવિધ પ્રકારની તૈયારીઓ સાથે આધ્યાત્મિક પૂજા કરે છે.

**થાઈલેન્ડ :** થાઈલેન્ડમાં દિવાળીનો તહેવાર ક્રાથોગ નામ હેઠળ ઉજવવામાં આવે છે. જેનો અર્થ બાસ્કેટ ફ્લોટ કરવું થાય અને થાઈ કેલેન્ડર મુજબ ૧૨ મહિનાના પૂર્ણ ચંદ્ર પર જોવા મળે છે. અહીં આ દિવસે ફટાકડાનું પ્રદર્શન, ચોખાના કાગળમાંથી બનેલા ગરમ હવાના ફુગ્ગા આકાશમાં છોડવામાં આવે છે અને કેળાનાં પાંદડા, મીણબત્તીઓથી બનેલા દીવા પ્રગટાવવામાં આવે છે. તહેવાર માટે મનોરંજનનો તત્ત્વ ઉમેરવામાં આ દિવસે હોડીની પરેડ (હરીફાઈ) અને સાંસ્કૃતિક પ્રદર્શન પણ યોજવામાં આવે છે.

**ઈન્ડોનેશિયા :** અન્ય દેશો કરતાં ઈન્ડોનેશિયામાં ભારતીયો ખૂબ જ ઓછી સંખ્યામાં વસે છે. તેમ છતાં દિવાળીની ઉજવણી અહીં ધામધૂમથી જ કરવામાં આવે છે. બાલી ઈન્ડોનેશિયાનો એક વિશાળ ટાપુ છે, જ્યાં ભારતીય ડાયસ્પોરા છે. જ્યાં દિવાળીની ઉજવણી સૌથી વધુ થાય છે. ઈન્ડોનેશિયાની દિવાળીમાં ફટાકડા, કપડાંની ખરીદી, મીઠાઈઓ તથા

Business Superbrand

# TOTAL ELECTRICAL SOLUTIONS




• Electrical Wires – Housegard & Hotgard • Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard • Single & Multi Core Flexible Cables • Single Core Flexible Cables for UPS Cabling • PVC Winding Wires & 3-Core Flat Cables • Trunk & Distribution CATV Cables • Branch & Drop Co-axial Cables • 105°C Temperature Resistant Auto Cables • Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components • Telephone & Switchboard Cables • Power & Control Cables • Jelly Filled Telephone Cables • Optic Fibre Cables • PVC Sheets • Finoswitch Electrical Switches - Premium & Classic • Finoglow - Compact Fluorescent Lamps

**Finolex Cables Limited**
AN IS/ISO 9001 COMPANY
*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**
**Tel.: 2206 6230 • 2208 7429 • 2206 5726 • 6637 7929**
**• E-mail : sales@pushtiindia.com • Fax : 2206 7929**
**• Web.: www.pushtiindia.com**

શુભેચ્છાઓ આપીને વિવિધ ધાર્મિક વિધિઓ કરવા સહિત, ફ્લોટિંગ ફાનસો પ્રગટાવીને ઉજવણી કરવામાં આવે છે.

**મલેશિયા :** મલેશિયામાં દિવાળીને હરી દિવાળી તરીકે ઓળખવામાં આવે છે. મલેશિયાના મોટાભાગના શહેરોમાં દિવાળી ઉજવવામાં આવે છે. અહીં તહેવાર શરૂ થાય તે પહેલાં તેલમાં સ્નાનની પરંપરાગત રીતથી શરૂ થાય છે. જેના પછી લોકો મંદિરે જઈને પ્રાર્થના કરે છે.

**યુ.એસ.એ.:** યુ.એસ.એ. ના મોટાભાગના શહેરોમાં એક વિશાળ ભારતીય સમુદાય છે. તેમાં ન્યૂજર્સી, ઈલિનોઈસ, ટેક્સાસ અથવા કેલિફોર્નિયામાં રહે છે. અહીં ભારતની જેમ જ દિવાળીની ઉજવણી થાય છે. તેઓ મંદિરે જાય છે, મિત્રોને મીઠાઈ-ફરસાણ આપીને તથા સગાં સંબંધી અને મિત્રો સાથે ફટાકડા ફોડીને દિવાળીને સેલિબ્રેટ કરે છે.

દક્ષિણ અમેરિકામાં આવેલ ગુયાના હિન્દુ કેલેન્ડર મુજબ દિવાળી ઉજવે છે. ગુયાનામાં આ તહેવારની શરૂઆત ૧૯૮૦ માં થઈ હતી. આ તહેવાર હિન્દુ સમુદાયના લોકો ધામધૂમથી ઉજવે છે. ભારતની જેમ અહીં પણ દિવાળીના દિવસે મીઠાઈઓનું વિતરણ, આંગણમાં દીવા પ્રગટાવીને મંદિરમાં પ્રાર્થના કરવામાં આવે છે. અહીંના રહેવાસીઓ મીઠાઈનું વિતરણ અચૂક કરે છે. તેઓ માને છે કે મીઠાઈનું વિતરણ કરવાથી આપ-લે ની ભાવના સૂચવે છે.

**ઓસ્ટ્રેલિયા :** ઓસ્ટ્રેલિયાના સિડની અને મેલબોર્ન શહેરમાં મોટાભાગના ભારતીયો રહે છે. તેઓ દિવાળી ધામધૂમથી ઉજવે છે. ખાસ કરીને મેલબોર્નમાં ફેડરેશન સ્કવેર ખાતે દિવાળીની ઉજવણી થાય છે. અહીં ફટાકડાના ભવ્ય પ્રદર્શન સાથે ભારતના પરંપરાગત નૃત્યો અને કલા સાંસ્કૃતિક શો જેવા જીવંત મનોરંજન પ્રદર્શિત કરવામાં આવે છે.

**નેપાળ :** નેપાળમાં દિવાળીને તિહાર તરીકે ઓળખવામાં આવે છે. અહીં દિવાળીના દિવસે ગણેશજી, લક્ષ્મીજી તથા સંપત્તિની પૂજા કરવામાં આવે છે. નેપાળમાં આ તહેવાર પાંચ દિવસ સુધી ઉજવાય છે. આ પાંચ દિવસોને અલગ-અલગ મહત્ત્વ આપવામાં આવે છે. પ્રથમ દિવસ ગાયને



સમર્પિત છે, તેમાં ગાયની પૂજા કરીને પ્રાર્થના કરવામાં આવે છે. બીજા દિવસે કૂતરાને સન્માન આપવામાં આવે છે. કૂતરાને સ્વાદિષ્ટ ભોજન ખવડાવવામાં આવે છે. ત્રીજા દિવસે શ્રીરામજીની જીતને સૂચવવાનો છે, તેથી આ દિવસે ભગવાન રામની પૂજા કરીને દીવા પ્રગટાવવામાં આવે છે. ચોથા દિવસે મૃત્યુના ભગવાન યમને સર્મિપત કરવામાં આવે છે. આ ઉપરાંત છેલ્લો પાંચમો અને અંતિમ દિવસ ભાઈદુજ તરીકે ઓળખાય છે. આ દિવસે ભાઈ-બહેન એક સાથે જમીને એકબીજાને ભેટ આપીને ઉજવે છે.

**લ્યો આવી ગઈ દિવાળી દર વર્ષે આવે તેમ,**
**આ વખતે તો સ્વયં પ્રગટીએ ચાલો દીવાની જેમ.**

**ઉદાસીઓના ફટાકડાઓ**
**ઝટપટ ફોડી દઈને,**
**ચહેરા ઉપર ફૂલઝડી સમ**
**ઝરતું સ્મિત લઈને;**
**કોઈપણ કારણ વિના જ કરીએ એકમેકને પ્રેમ....**
**આ વખતે તો સ્વયં પ્રગટીએ ચાલો દીવાની જેમ.**
**સૌની ભીતર પડયો હોય છે**
**એક ચમકતો હીરો,**
**ચલો શોધીએ ભીતર જઈને**
**ખુદની તેજ-લકીરો;**
**ભીતર ભર્યું જ છે અજવાળું ના ઝળહળીએ કેમ ?**
**આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ.**

❖ ❖ ❖


## ગોપાલ જયંતિલાલ ભટ્ટ (ગોર)

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**
**Sankalp Astrologist & Palmist**
તથા
**દક્ષેસ ભટ્ટ**

જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર.

૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯
**Email :** gopaljbhatt@yahoo.co.in ● bhattgopal59@gmail.com

✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨
મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨



Rakesh Dharia - 9819685882

- Civil
- Carpenter
- Painting
- Aluminium
- P.O.P.Work
- Electric
- Fabricators

*Krish*
INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068

# જે.જે. શ્રી ગોકુલેશ

# LALSON

MFG OF ELECTRICALS, ENGINEERING & FABRICATION PRODUCTS



CONTROL PANEL ACCESSORIES
BUSH & SHEET METAL WORKS
FABRICATION WORKS

lalson®

FIBER MOULDING WORKS(FRP)
PLASTIC MOULDING
BAKELIT MOULDING

Bhadresh Lalchand Mody,
+91 98693 59912

Bhavik Bhadresh Mody
+91 98213 72989

Head Off:- A1/A2, Buildnig No : 3, Manisha Industrial Estate, Palghar Boisar Road, Palghar (west), 401404.
Tel:- 02525-250218, Mobile : +91 90221 66971, +91 93226 53888
Email:- lalsonindia@gmail.com, saleslalson@gmail.com

**PLASTIC & BAKELITE WORK**
Unit 1 - 14/15, Manisha Industrial Estate, Palghar Boisar Road, Palghar (west)

**FIBER MOULDING WORK**
Unit 2 - C1/C2, Diamond Industrial Compound, Kaman, Vasai (east)

**CONTROL PANEL ACCESSORIES**
Unit 3 - 33, Bombay Talkies Compound, opp Goodluck Transport, Malad west).

# સંવત ૨૦૭૬ના નવા વર્ષના શુકનવંતા ચોપડાઓ નોંધાવવા, લઈ જવાના, ખરીદવાના તથા લક્ષ્મીપૂજન તથા શારદાપૂજન ના મુહૂર્તો

- શ્રી ગોપાલ ભટ્ટ (ગોર) - ૯૮૨૦૫૨૮૦૨૨

★ **દશેરા : સંવત ૨૦૭૬ નિજ આસો સુદ ૧૦ ના રવિવાર તા. ૨૫-૧૦-૨૦૨૦**

**વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૧ થી ૧૨.૩૫

**ચોઘડીયા - અમૃત :** સવારે ૦૮.૦૫ થી ૦૯.૩૧, **શુભ :** સવારે ૧૦.૫૭ થી ૧૨.૨૩

**ચલ :** બપોરે ૧૫.૧૫ થી ૧૬.૪૧, **લાભ :** સાંજે ૧૬.૪૧ થી ૧૮.૦૭

★ **ચોપડા લાવવાના મુહૂર્ત**

★ **પુષ્ય નક્ષત્ર દિવસ : સંવત ૨૦૭૬ નિજ આસો વદ ૭ ના રવિવાર તા. ૦૮-૧૧.૨૦૨૦**

**વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૧ થી ૧૨.૩૫

**ચોઘડીયા : શુભ :** સવારે ૦૮.૦૯ થી બપોરે ૦૯.૩૩, **લાભ :** સવારે ૦૯.૩૩ થી ૧૦.૫૮, **અમૃત :** સવારે ૧૦.૫૮ થી ૧૨.૨૩, **શુભ :** બપોરે ૧૩.૫૮ થી ૧૫.૧૨

★ **ધનતેરસ : સંવત ૨૦૭૬, (શ્રી યંત્ર પૂજન, ધન્વંતરી પૂજન, ચોપડા લાવવા, ગાદી બિછાવવી, લક્ષ્મીપૂજન કરવું) નિજ આસો વદ-૧૩, શુક્રવાર, તા. ૧૩-૧૧-૨૦૨૦**

**વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૦ થી ૧૨.૩૪

**ચોઘડીયા : ચલ :** સવારે ૦૬.૪૬ થી ૦૮.૧૧, **લાભ :** ૦૮.૧૧ થી ૦૯.૩૫, **અમૃત :** સવારે ૦૯.૩૫ થી ૧૦.૫૯, **શુભ :** બપોરે : ૧૨.૨૩ થી ૧૩.૪૮, **ચલ :** સાંજે ૧૬.૩૬ થી ૧૮.૦૦

**ગોરજ સમય :** સાંજે ૧૮.૦૦ થી ૧૮.૩૦, **લાભ :** રાત્રે ૨૧.૧૨ થી ૨૨.૪૮

★ **ચોપડા પૂજન - લક્ષ્મી પૂજન - શારદા પૂજન : સંવત ૨૦૭૬ નિજ આસો વદ ૩૦ ના અમાવાસ્યા ૧૪-૧૧-૨૦૨૦ ના શનિવાર પ્રદોષ કાળ યુક્ત અમાસ હોવાથી આ દિવસે શારદાપૂજન કરવું શાસ્ત્ર શુધ્ધ છે.**

**ચોઘડીયા : શુભ:** સવારે : ૦૮.૧૧ થી ૧૦.૫૯, **ચલ-લાભ-અમૃત :** બપોરે ૧૨.૨૩ થી ૧૬.૩૫, **લાભ:** બપોરે ૧૭.૫૯ થી ૧૯.૩૫, **શુભ-અમૃત-ચલ :** રાત્રે ૨૧.૧૧ થી ૦૦.૫૯

**વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૧ થી ૧૨.૩૫, **ગોરજ સમય :** સાંજે ૧૮.૦૧ થી ૧૮.૩૯

★ **બેસતુ - નવું વર્ષ : કારતક સુદ-૧, સંવત ૨૦૭૭, સોમવાર તા. ૧૬-૧૧-૨૦૨૦ ના મિતી નાખવી**

**વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૧ થી ૧૨.૩૫, **ચોઘડીયા : અમૃત :** સવારે ૦૬.૪૮ થી ૦૮.૧૨

**શુભ :** સવારે ૦૯.૩૬ થી ૧૧.૦૦

★ **લાભ પાંચમ : સંવત ૨૦૭૭ના કારતક સુદ ૫, ગુરુવાર તા. ૧૯-૧૧-૨૦૨૦**

**તુલા પૂજન, ચોપડા પૂજન, મિતી નાખવી - વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૨ થી ૧૨.૩૬

**ચોઘડીયા : શુભ :** સવારે ૦૬.૫૦ થી ૦૮.૧૪, **ચલ :** સવારે ૧૧.૦૧ થી ૧૨.૨૫


**લાભ :** બપોરે ૧૨.૨૫ થી ૧૩.૪૮, **અમૃત :** બપોરે ૧૩.૪૮ થી ૧૫.૧૨, **શુભ :** સાંજે ૧૬.૩૬ થી ૧૭.૫૯, **અમૃત :** સાંજે ૧૭.૫૯ થી ૧૯.૩૬, **ચલ :** સાંજે ૧૯.૩૬ થી ૨૧.૧૨

**આ લેખ શ્રી કનુભાઈ મગનલાલ ધારીઆ (અણિયાદવાળા)ના માર્ગદર્શન હેઠળ શ્રીમતી મિનાક્ષીબેન રાજેશકુમાર દેસાઈ (લાટવાળા) એ તૈયાર કર્યો છે.**

# પિત્તાશયની મેરીડિનય

## (Gall Bladder Meridian) (G.B.)

આ ધનવિજભાર ધરપાવતી 'યોગ' ચેનલ છે. શરીર પર આવેલ મોટી બે મોરિડયનો પૈકી આ મેરીડિયન છે. તેના પર મહત્ત્વના ૪૪ દાબબિંદુઓ આવેલ છે. મસ્તકથી પગ સુધી લંબાતી આ મેરીડિયન પરની સારવાર ઘણા દર્દો પર અસરકાર કામ આપે છે. બંને બાજુ આંખોની ભ્રમરના છેડા (G.B.-1) પરથી શરૂ થી કાનની નીચેની બૂટ પાસે આવી લમણા તરફ ઉપર ચઢી કાનની ફરતે બેવાટો લે છે. G.B. - ૭,૮,૧૦,૧૧,૧૨ દાબબિંદુ કાનની નીચેની બૂટ પાછળ આવેલ છે. અહીંથી આ ચેનલ ખોપરી ઉપર ચઢી નેણના મધ્યભાગ ઉપર કપાળ પર આવી G.B. ૧૪ બંને બાજુ ખભાના મધ્યભાગે આવી શરીરના આગળના ભાગે નીચે ઉતરી છાતીના પિંજરા પર ૧૨ નંબરની પાંસળી પર આવી સાથળના મૂળમાં પ્રવેશ કરે છે. અહીંથી આ ચેનલ બંને બાજુ શરીરના પાછળના ભાગે પ્રવેશે છે. સાથળની પાછળ રહી નીચે ઉતરી ગોઠણના સાંધા પર આવી અનુનળાસ્થિના છેડા પરથી નીચે ઉતરી ઘૂંટીના બહારના ભાગ પર આવી આંગળીના મેટાટાર્સલ હાડકા પર થઈને ચોથી આંગળીના નખના મૂળ પર પૂર્ણ થાય છે.



આ મેરીડિયન ઋણવિજભાર ધરાવતી લીવરની મેરીડિયનને સંલગ્ન (Connected) છે. આ મેરીડિયન પર નીચેના મુખ્ય દાબબિંદુઓ આવેલ છે.

**G.B.- 1 - સ્થાન - આંખના બહારના ખૂણા પર**

**દાબબિંદુના ફાયદા-** આંજણી, પોપચાનો સોજો, આંખ આવવી, આધાશીશી.

**G.B.-2 - સ્થાન** - કાનની નીચેની બૂટ પાસે

**દાબબિંદુના ફાયદા :** બહેરાશ, મોઢાનો લકવો.

**G.B.- 20 - સ્થાન** - કાનની પાછળ ખોપરીના હાડકાંની કિનારી પર.

**દાબબિંદુના ફાયદા :-** સાયનસ, ગળાનો સોજો, ગરદનનો મચકોડ,

**G.B.- 21 - સ્થાન** - ખભા પર મધ્યમાં આવેલ બિંદુ

**દાબબિંદના ફાયદા :-** ડાયાબીટીસ, ખભામાં

દર્દ, ગરદનનું અકડાવું, પિત્તાશયનો એલાર્મ પોંઈટ છે. માસિક વધુ પડતુ આવવું, ગર્ભપાત.

**G.B.- 26, 27, 28, 29** - **સ્થાન** - સાથળના મૂળ પરના બિંદુઓ.

**દાબબિંદુના ફાયદા :-** કબજીયાત, નિતંબનો દુખાવો, સેક્રલના સાંધાનો દુ:ખાવો.

**G.B.- 30** - **સ્થાન** - નિતંબના સાંધા નીચે આવેલ બિંદુ.

**દાબબિંદુના ફાયદા :-** સાથળનું કળતર, સાયટીકા, વા.

**G.B.- 33-34** - **સ્થાન** - ગોઠણના સાંધાની બહારની બાજુ.

**દાબબિંદુના ફાયદા :-** પિત્તાશયના ગરબડ, કમળો, ગોઠણનો સોજો, બેખબર પેશાબ થવો, કબજીયાત.

**G.B.- 41 - 42** - **સ્થાન** - પગની ચોથી આંગળીના મેટાટાર્સલ, હાડકા

**દાબબિંદુના ફાયદા :-** છાતીમાં ગુંગળામળ, કાનમાં દુ:ખાવો, વધારે પડતો પસીનો.

**G.B.- 44** - **સ્થાન** - ચોથી આંગળીના નખના મૂળ પર

**દાબબિંદુના ફાયદા : -** પિત્તાશયમાં ગરબડ, કમળો, ગોઠણનો સોજો - દુખાવો.

## (૨) યકૃતની મેરીડિયન


### (Liver Channel) (LiV.)

યકૃતની મેરીડિયન પિત્તાશયની મેરીડિયન (GB) સાથે સંલગ્ન છે. આ મેરીડિયન ઋણવિજભાર ધરાવતી 'યીન' ચેનલ છે. યકૃત ને પિત્તાશય શરીરની જમણી બાજુ આવેલ છે.

યકૃત મેરીડયિન પર ૧૪ દાબબિંદુઓ આવેલા છે.

આ મેરીડિયનમાં વિક્ષેપ થાય તો આખી મેરીડિયનમાં દુખાવો થાય છે. હતાશા, ગુસ્સો આવવો, માસિકમાં અનિયમીતતા, નસકોરી ફૂટવી, મોં માં કડવો સ્વાદ આવવો, આધાસીશી, કમળો થવો, દમ, લોહીનું ઉંચુ દબાણ જેવી તકલીફ થાય છે. આ મેરીડિયન પગના અંગુઠાના નખના મૂળની અંદરની બાજુથી થઈ અંગુઠા અને પ્રથમ આંગળીના માંસલ (Web) ભાગ પર થઈ અંગુઠાના મેટાટાર્સલ હાડકા પર આવી અંદરની ઘૂંટી સાથે થઈને પીડીંની અંદરની બાજુ રહી ઉપર ચઢે છે. ગોઠણના સાંધાની અંદરના ભાગે આવી સાથળની અંદરની બાજુ રહી. સાથળના મૂળમાં પ્રવેશી પેઢુ પર થઈને છાતીના પીંજરાની આઠમી પાંસળીના છેડા પાસે પૂર્ણ થાય છે.

**Liv - 1-2-3** - **સ્થાન** - પગના અંગુઠાની



નખના મૂળની અંદરની બાજુ, અંગુઠાને આંગળી વચ્ચેના માંસલ ભાગ પરને મેટાટાર્સલ પર.

**દાબબિંદુના ફાયદા :-** આધાશીશી, આંખના દર્દ માટે, બ્લડ પ્રેશર, દમ, ગાઉટ માં ફાયદો થાય છે.

**Liv - 5 - 6 - સ્થાન** - ગોઠણ અને ઘૂંટણ વચ્ચે પીંડોની અંદરની બાજુએ આવેલ બિંદુઓ.

**દાબબિંદુના ફાયદા :-** એર્લામ પોંઈટ લીવરનું છે. લીવરને ગોલ બ્લેડરમાં ગરબડ હોય તો આ દાબબિંદુ પર દબાણ આપવું

**Liv - 8 - સ્થાન** - ગોઠણના સાંધાની અંદરની બાજુએ મધ્યભાગ પર

**દાબબિંદુના ફાયદા :-** આધાશીશી, સાયનસ, મુખ સુકાવુ, ગાઉટ, પિત્તાશયની ગરબડ, કમળો.

**Liv - 13 - સ્થાન** - અગીયારમી પાંસળીના છેડા પર આવેલ બિંદુ.

**દાબબિંદુના ફાયદા :-** જઠર અને આંતરડાંની ગરબડ, લોહીનું ઉંચુ દબાણ, પેટનું ફુલવું


**Liv - 14 - સ્થાન** - છાતીના પીંજરાની ૮ મી પાંસળીના છેડા પર આવેલ બિંદુ.

**દાબબિંદુના ફાયદા :-** દુઃખદાયક માસિક, છાતીમાં દુખાવો, કફ, ઓડકાર, ઉલટી, કમળો (Jaundice) માં દાબબિંદુ પર દબાણ આપવાથી ફાયદો થાય છે.

## (3) જઠરની મેરીડિયન

(Stomach Channel) (ST)

આ મેરીડિયન ધન વિજભાર ધરાવતી 'યાંગ' ચેનલ છે. જઠરની ચેનલ બરોડની (Spleen) ચેનલ સાથે સંલગ્ન (Connected) છે. આ મેરીડિયન પર ૪૫ મહત્ત્વના દાબબિંદુઓ આવેલ છે. આ મેરીડિયનનો પ્રવાહ શરીરના આગળના ભાગ પર જ વહે છે. આકૃતિમાં બતાવ્યા પ્રમાણે આંખના ગોખલાની કિનારી (Arbital Rim) પરથી શરૂ થઈ (St-1) આ મેરીડિયન ગાલ પર નીચે ઉતરે છે. બંને બાજુ હોઠના છેડા પાસે થઈ જડબાના નીચેના હાડકા પરથી પસાર થઈ ગળાના આગળના ભાગ પર થઈને જત્રુના મથાડે (Head of Clavical) પરથી ખભા તરફ ફંટાય છે. જત્રુના હાડકાના મધ્યભાગથી આ મેરીડિયન દરેક પાંસળી પર એક એક બિંદુ બનાવી ઉરોસ્થિને સમાતંર ૪" દૂર રહી નીચે ઉતરે છે. સાથળના ઉપરના ભાગથી ગોઠણના સાંધા પર થઈ અનુનળાસ્થિ પર નીચેના પગમાં પ્રવેશી અંદરની ઘૂંટણના સાંધા પર આવી ત્યાંથી પગની બીજી



આંગળીના મેટાટાર્સલ હાડકા પર થઈને બીજી આંગળીના અંગુઠા તરફના છેડા પર (St-45) પર પૂર્ણ થાય છે.

આ મેરીડિયનમાં વિક્ષેપ પડવાથી માનસિક, પગની બહાર બાજુ દુખાવો અને ક્રેમ્પસ આવવુ, અપચો, ગેસ, કબજીયાત, શરીરમાં નબળાઈ લાગવી.

**St -૧ થી ૮ સુધી - સ્થાન** - આકૃતિમાં બતાવ્યા પ્રમાણે આ નીચે ગોળાકાર હાડકાથી જડબા નીચે ગરદન. પર

**દાબબિંદુના ફાયદા :-** સાયનસ, હાડકાનો સોજો, પોપચાનો દુઃખાવો, કંઠનળીના ઉપરના ભાગે સોજો, ગળાના મથાળે સોજો, દમ, ફેસીયલ કલવો, દાંતનો દુખાવો, વર્ટીગો માં આ બિંદુ પર દબાણ આપવાથી ફાયદો થાય છે.

**St -૧૮ - સ્થાન** - સ્તનની ડીંટડીઓ નીચે (Just below Nipple).

**દાબબિંદુના ફાયદા :** - છાતીમાં દુખાવો, કફ, શ્વાસ ચઢવો.

**St -૨૧ - સ્થાન** - નાભિ ઉપર ૪" દૂર પેડુની મધ્યરેખાથી ૨" દૂર છાતીના પીંજરાના છેડા પર.

**દાબબિંદુના ફાયદા :-** જઠરની દિવાલનો સોજો, (Gastritis) ઉલટી, ઉબકા, પેપ્ટીક અલ્સર.

**St -૨૫ - સ્થાન** - નાભિથી ૨'' દૂરના બંને બાજુનાં બિંદુઓ

**દાબબિંદુના ફાયદા :-** મોટા આંતરડાનો એર્લામ પોંઈટ છે. અનિયમીત માસિક, દુખદાયક માસિક, પેટનું ફુલવુ, ગેસ, કબજીયાતમાં આ દાબબિંદુ પર દબાણ આપવાથી ફાયદો થાય છે.

**St -૩૦-૩૧ - સ્થાન** - સાથળના મૂળ પરના બિંદુઓ, સાથળના મૂળ નીચે ૩'' દૂરના અંદરની બાજુએ

**દાબબિંદુના ફાયદા :-** માસિક ન આવવું, પ્રજનનાંગ પર દુખાવો, નિતંબનો દુખાવો

**St - ૩૬ - સ્થાન** - ગોઠણની ઢાંકણી નીચે ૨'' ના અંતરે આવેલ.

**દાબબિંદુના ફાયદા :-** ગોઠણનો વા, શુક્રાણુ ન્યુનતા, માસિક ન આવવું, કબજીયાત

**St -૩૮ - સ્થાન** - નળાસ્થિના નીચેના ૧/૩ પર આવેલ બિંદુઓ

**દાબબિંદુના ફાયદા :** - ફ્રોઝન સોલ્ડર માટે ખાસ બિંદુ છે. ઘુંટણની સંવેદન ન્યૂનતા, ગોઠણનો દુખાવો

**St -૩૯-૪૦-૪૧ - સ્થાન** - અંદરની ઘૂંટી પર ૪'' ને ૩'' ના અંતરે ને અંદરના ઘૂંટણના સાંધા પર.

**દાબબિંદુના ફાયદા :-** કાકડાનો સોજો, મોટા આંતરડાનો સોજો, ઘૂંટણનો દુખાવો, વેરીકોઝ વેન્સ, ઘૂંટી ભાગમાં ચાદું પડયું હોય તેમાં ફાયદો થાય છે.


**St -૪૩-૪૪ - સ્થાન** - પગની બીજી ને ત્રીજી આંગળી વચ્ચેના માંસલ ભાગ પર. બીજી આંગળીના મેટાટાર્સલ હાડકા પર.

**દાબબિંદુના ફાયદા :** - માથાના દુખાવામાં, મોઢા પર સોજા, પગનો દુખાવો, અતિસાર (Diarrhea) આર્થરાઈટીસ.

## (૪) બરોડની મેરીડિયન

(Spleen Meridian) (SP)

આકૃતિ મુજબ આ ઋણવિજભાર ધરાવતી 'યીન' ચેનલ છે. બરોડની ચેનલ જઠરની ચેનલ સાથે સંલગ્ન છે. બરોડની આ મેરીડિયન મહત્ત્વના ૨૦ દાબબિંદુઓ ધરાવે છે. પગના અંગુઠાના નખના મૂળ પરથી શરૂ થઈ અંગુઠાના બીજા સાંધા પર તથા મેટાટાર્સલ પર આગળ વધી અંદરની ઘૂંટી ફરતો બેવાટો લઈ મેરીડિયનનો પ્રવાહ પિંડીની અંદરની બાજુ પર આગળ વધી ગોઠણના અંદરના બાજુના સાંધા પર થઈ ગોઠણની ઢાંકણીની મધ્યમાં ઉપરના ભાગ પાસે થઈ સાથળના અંદરના મધ્યભાગ પર ચઢે છે. અહીંથી સાથળના મૂળમાં પ્રવેશી ઉપર નાભિથી ૩'' દૂર રહી પેડુ પર ઉપર ચઢી દસ નંબરની પાંસળીને સ્પર્શ કરી ઉરોસ્થિ નીચે ૧.૫" ના અંતરે મધ્ય રેખાથી ૨" ના અંતરે



પુરી થાય છે. આ મેરીડિયનમાં વિક્ષેપ થવાથી શરીરમાં આળસ, પેટમાં ગેસનો ભરાવો, આંતરડાના દર્દો, અતિસાર Diarrhea), પગમાં કળતર, નિતંબો પર દુખાવો (Hip Pain)

**Sp - ૧ - સ્થાન** - પગના અંગુઠાના મૂળ પર

**દાબબિંદુના ફાયદા :-** અપચો, જઠરનો સોજો (Gastritis), હરસ-મસા, આંતરડાના દર્દોમાં ફાયદો થાય છે.

**Sp - ૪ - સ્થાન** - પગના ઘોડલા (Arch) ના મધ્ય ભાગ પર

**દાબબિંદુના ફાયદા :-** જઠરનો (Connecting) પોંઈટ છે. અતિસાર (Diarrhea), આંતરડામાં દુખાવો, અલ્સરમાં ફાયદો થાય છે.

**Sp - ૬ - સ્થાન** - પગની અંદરની ઘૂંટી પાછળ ૩'' દૂર આવેલ બિંદુ.

**દાબબિંદુના ફાયદા :-** કીડની, લીવર, સ્પીલીન ત્રણે આ બિંદુપર મળે છે. આ મહત્વનો ટોનીફીકેશન બિંદુ છે. અપચો, અનિયમીત માસિક, નપુંસકતા, જનેનન્દ્રિયનો દુખાવો.

**Sp - ૧૦ - સ્થાન** - ગોઠણની ઢાંકણીના અંદરના ભાગે ૧" ઉપર આવેલ બિંદુ.

**દાબબિંદુના ફાયદા :-** મહત્વનું બિંદુ છે. દુ:ખદાયક માસિક, પેશાબની અટકાયત, બેકાબુ પેશાબ, એલર્જી, ચામડીના રોગમાં ફાયદો થાય છે.

**Sp - ૧૫ - સ્થાન** - નાભિની બંને બાજુએ ૩'' દૂરના બિંદુઓ.

**દાબબિંદુના ફાયદા :-** ગેસ સંબંધી તકલીફમાં મહત્વનું બિંદુ છે. પગમાં કળતર આ બિંદુ પર દબાણ આપવાથી ફાયદો થાય છે. ✣✣✣

# જીવનનો ખૂણો

✍ ભાવિક ભદ્રેશ મોદી (મોટા બાલી)

માનવીનું જીવન બહુબધા ખૂણાઓથી બનેલું છે.

ભગવાન જ્યારે મનુષ્યને જીવન આપે છે ત્યારે તેના દરેક ખૂણામાં વિવિધ વસ્તુઓ આપે છે.

**જેમકે**

**એક** **ખૂણામાં માતા-પિતાનો પ્રેમ.**

**બીજા** **ખૂણામાં ગાઢ મિત્રતા,**

**ત્રીજા** **ખૂણામાં સંપત્તિ**

**ચોથા** **ખૂણામાં સુખ (સુખ અને સંપત્તિ બંને અલગ અલગ ખૂણાના ભાગ છે.)**

**પાંચમાં** **પ્રેમ**

**છઠ્ઠામાં** **સંતાન**

**સાતમામાં રૂપ તો**

**આઠમામાં સારો સ્વભાવ.**

આવા અનેક ખૂણા ભેગા મળીને જીવનનો પાયો નખાય છે.

પરંતુ દરેક માનવીના જીવનમાં કોઈને કોઈ ખૂણો ખાલી રહે છે. કોઈની પાસે પૈસા નથી તો કોઈના પાસે તે પૈસા માણવાનો સમય નથી. કોઈના પાસે રૂપ છે તો કોઈ હૃદયથી રૂપવાન છે. કોઈની પાસે ચલાવવા સાયકલ નથી તો કોઈની પાસે સાયકલ ચલાવવાના પગ નથી. કોઈ અનાજ નથી ખાઈ શકતો અને કોઈ અનાજ ખરીદી નથી શકતો. આ દુનિયામાં કોઈ વ્યક્તિ બધી રીતે સુખી નથી. કંઈકને કંઈક તો જીવનમાં અધૂરું રહી જ જાય છે.

બાળક જ્યારે જન્મે ત્યારે તેના મા-બાપ તેને જીવનના દરેક સુખ આપવાની કોશિશ કરે છે અને ઈચ્છે છે કે તેનું બાળક જ્યારે મોટું થાય ત્યારે તેના મા-બાપના કરેલા કાર્યો યાદ રાખીને તેમને પણ યાદ રાખે પણ માણસ એટલે સ્વાર્થનું બીજું નામ.

પોતાના પાલક મા-બાપને ભૂલતા પણ એને સમય નથી લાગતો તો પછી પરમ પિતા પરમાત્માનો શુ વિસાદ.

બસ ભગવાન આ વાત જાણે છે અને એટલા માટે જ તે પોતાના બાળકોના જીવનમાં કોઈ એક ખૂણો ખાલી રાખે છે અને પોતે ત્યાં બિરાજમાન થાય છે. જેથી કરીને માનવી જ્યારે પોતાના જીવનમાં એ ખૂણા તરફ જુએ ત્યારે ભગવાનને યાદ કરે ભલે પછી એ પ્રાર્થના રૂપે હોય કે ફરિયાદ રૂપે.

તો મિત્રો, વડીલો જ્યારે પણ તમને જીવનમાં કોઈ ખોટ વર્તાય જ્યારે પણ તમને એમ લાગે કે ભગવાને તમને જીવનમાં આ વસ્તુ કે સુખ નથી આપ્યું. તો યાદ રાખજો કે આ ખૂણામાં તમારે ભગવાનને હસતા મોઢે યાદ કરીને પ્રાર્થના કરવાની છે, ના કે ફરિયાદ. ✣✣✣

**આતિથ્ય**

## પનીરની બરફી

✍ આભા ઉદય શાહ (પડાલવાળા)

**સામગ્રી :** કેવડા એસેન્સ, ગ્રીન કલર, ચાંદીનો વરખ, ૨૫૦ ગ્રામ પનીર, ૧૦૦ ગ્રામ સાકર.

**રીત :** પનીર અને ખાંડ મીક્ષ કરી ગરમ કરવા મુકવાનું. ચાસણી જેવું થાય એટલે નીચે ઉતારી એસેન્સ નાખી બે ભાગ કરવા. એક ભાગને થાડીમાં ઠંડો કરવો અને બીજામાં કલર ઉમેરી બીજી લેયર એની ઉપર બનાવવી, ઠંડો પડે પછી કાપા પાડવા.

# જીવન અને પ્રારબ્ધકર્મ

✍ કિરીટ ધારીઆ (પ્રતિક્રમા)

**સત્ત્વગુણી જીવ કહે છે -**

હું કર્મ કરીશ. ફળ મળે યા ન મળે

**રજોગુણી જીવ કહે છે -**

હું કર્મ કરીશ, પરંતુ ફળ નહીં છોડું

**તમોગુણી જીવ કહે છે -**

ફળ નહીં મળે ત્યાં સુધી કર્મ નહીં કરું.

(૧) ક્રિયમાણ કર્મ

(૨) સંચિત કર્મ

(૩) પ્રારબ્ધ કર્મ

**ઈચ્છાઓ :**

(૧) ધર્મ (૨) અર્થ (૩) કામ અને (૪) મોક્ષ.

પરમાત્માને પ્રાપ્ત કરવા માટે ત્રણ માર્ગો છે. (૧) કર્મ માર્ગ (૨) ભક્તિ માર્ગ (૩) જ્ઞાન માર્ગ.

કર્મ માર્ગ પર ચાલનાર જીવ કહે છે, 'હું ભગવાનનો છું, ભક્તિ માર્ગ ઉપર ચાલનાર જીવ કહે છે,'ભગવાન મારો છે' જ્ઞાન માર્ગ ઉપર ચાલનાર કહે છે,' હું અને ભગવાન એક છીએ.

ત્રણેય માર્ગ ઉપર ચાલનાર જીવનો ભગવાન સાથેનો વ્યવહાર અલગ હોય છે.

ગોસ્વામીજી ભગવાનના શબ્દો કહે છે,

**'મોરે પ્રૌઢ તનય સમ જ્ઞાની'**

જ્ઞાની મારો મોટો દીકરો છે. જ્યારે ભક્ત મારો નાનો બાળક છે. જ્ઞાની ભગવાનનું ધ્યાન કરે છે. જ્યારે ભગવાન ભક્તનું ધ્યાન રાખે છે. છતાં બન્ને ઉપર ભગવાનની કૃપા છે.

કર્મમાર્ગ, ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ દ્વારા અધિકાર પરત્વે જીવ તેના અનુક્રમે ક્રિયમાણ પ્રારબ્ધ અને સંચિત કર્મોને સંપૂર્ણ રીતે સમાપ્ત કરીને પરમાત્માને પ્રાપ્ત કરી શકે છે અને કરવાનો જીવમાત્રનો અધિકાર છે.

આત્યંતિક દુઃખની નિવૃત્તિ અને સનાતન સુખની પ્રાપ્તિ એ જ ધ્યેય છે.

યોગસ્થ થઈને તું કર્મ કર. ફળની આસક્તિને છોડીને કર્મ કર અને કર્મનું ફળ તારી ધારણા મુજબનું સિધ્ધ થાય કે ન થાય તેની ચિંતા છોડીને મનની સ્થિરતા ટકાવી રાખીને તું તારી મેળે નિષ્કામ ભાવથી કર્મ કર્યા જ કર કારણ કે મનની સ્થિરતા-સમત્વ ટકી રહે તેનું જ નામ યોગ કહેવાય છે.

**યોગ એટલે શું ?**

પંડિતોએ પોતપોતાની બુદ્ધિ અનુસાર યોગનો અર્થ જુદી જુદી રીતે કરેલો છે. એક એક માણસ તેના જીવનની એક એક ક્ષણે યોગ સાધી શકે તો જ યોગની કિંમત ગણાય. 'યોગ' એટલે 'સમત્વ' એવી અલૌકિક વ્યાખ્યા પરમાત્માએ જગતને અને સમાજને આપી છે. ભગવાન શ્રીકૃષ્ણે સ્વમુખે ગીતામાં 'યોગ'ની વ્યાખ્યા આપેલી છે.

**યોગ - કર્મસુ કૌશલમ્**

**'પોતાનું કર્મ કુળશતાપૂર્વક કરવું તેનું નામ યોગ'**

પ્રારબ્ધવશાત જે માણસના જીવનમાં તેનું જે કર્મ નિયત નિશ્ચિત થયેલુ છે તે કર્મ બરાબર કુશળતાપૂર્વક કરવું તેનું નામ 'યોગ'. દરેક કર્મને કુશળતાથી એકાગ્ર ચિત્તથી મન દઈને ઉપયોગ કરે

તો તે તેણે યોગ કર્યો કહેવાય. એટલે એકાગ્રતા, કાળજીપૂર્વક, કુશળતાપૂર્વક, એકાગ્રચિત્તે સ્થિર રાખી કરો તો તમે સતત યોગ કરો છો તેમ કહેવાય.

શું જીવનમાં એકલો જ્ઞાનયોગ અગર તો એકલો ભક્તિયોગ અગર એકલો કર્મયોગ હોવો કે આ ત્રણેય યોગનો સમન્વય થાય તો જીવન સુંદર લાગે અને એકએક કર્મ દીપી ઉઠે ?

મનોમંથન એ છે કે એકલો જ્ઞાનયોગ માણસને શુષ્ક વેદાંતી બનાવી દે ? બોલતો ફરે તો પાગલમાં ખપાવી દે? એકલો ભક્તિયોગ માણસને વેવલો બનાવી દે ? ક્યાં તો રઝળી પડે અગર તો કંઈકને રઝળાવી દે ? એકલો કર્મયોગ જવાબદારીઓ અને પોટલાં જ ઉચકતો કરી દે ? એટલે કહેવાય કે દરેક કર્મમાં કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગને વિવેકપૂર્વક સમન્વય થાય તો કામમાં બરકત આવે. ગીતામાં લખેલા વ્યવહારિક દ્રષ્ટિએ અર્થ ઘટાવી જીવન જીવવાની કળા શીખવાની છે.

નિષ્કામ ભાવથી કર્મ કરનારના જીવનમાં ભક્તિ અને જ્ઞાન આપોઆપ વણાઈ જાય છે એટલે જ કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગનો સમન્વય શ્રેષ્ઠ કર્મ છે.

તારા દરેક કર્મમાં 'હું પદને અહંકાર છોડી દે અને પરમાત્માને કેન્દ્રમાં રાખીને તેની ઈચ્છા પ્રમાણે તેને રાજી કરવા તારી ફરજ બજાવતો રહીશ તો પ્રત્યેક કર્મમાં હારજીતની જવાબદારી પરમાત્મા માથે લઈ લેશે.

માણસ માત્ર ભૂલને પાત્ર છે. અનેક જન્મ જન્માંતરની વાસનાઓ અને કામનાઓ અંતઃકરણના પટ ઉપર લેપાયેલી પડેલી છે. તેના જોરથી કદાચ માણસ ઘોર પાપ કર્મો કરી બેસે, પરંતુ જો તેનો ખરા અંતઃકરણપૂર્વક પશ્ચાતાપ કરીને ભગવાન સામે બે હાથ જોડીને ઉભો ઉભો નાનુ બાળક રડે તેમ ધ્રુસકે ધ્રુસકે રડી પડે તો ભગવાન તેની જીવન નૌકાને સંસાર સાગરમાંથી ડૂબકા ખાતી અચૂક બચાવી લે.

પ્રારબ્ધ કર્મ ભોગવવા માટે પ્રારબ્ધ કર્મને અનુરૂપ જ શરીર પ્રાપ્ત થાય છે. અને તે શરીરકાળ દરમિયાન તમામ પ્રારબ્ધ કર્મો ભોગવાઈ રહે પછી જ દેહ પડે છે. ત્યાં સુધી દેહ ધારણ કરી જ રાખવો પડે.

❖❖❖


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**


**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

## શબ્દ સંધાનના બોક્સમાં કુલ ૨૩ તહેવારોના નામ શોધો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગુ | સ | ટી | ળે | ધૂ | સં | ર્જ | શી | બો | ળ | ચો | થ |
| ડી | ૨ | શી | કા | ળી | ચૌ | દ | શ | ન | વો | પં | દુ |
| પ | તે | ર્થી | ત્સ | ત્રા | કા | ર્તિ | કી | પૂ | ર્ણિ | મા | ર્ગા |
| ડ | ન | ણે | યા | એ | નૂ | ર | ક્ષા | બં | ધ | ન | ષ્ટ |
| વો | ધ | થ | ઠી | ક્ષા | ત | દી | ધૂ | રા | ધા | ષ્ટ | મી |
| ળી | ર | ઉ | ગુ | રી | ન | પા | ય | મ | દ્વિ | તી | યા |
| યં | વ | વા | ર્તિ | ત્સ | વ | વ | ત્રા | ન | ચૌ | કાં | ગ |
| દે | ત્સ | મ | શ | વ | ર્ષ | લી | ઠી | વ | ધા | ર્ષ | દે |
| ધ | ઉ | ન | વ | સં | ત | પં | ચ | મી | લા | ર્ણિ | ગુ |
| ૨ | દ | જ | ડી | ગ | ણે | શ | ચ | તુ | ર્થી | દિ | લ |
| પૂ | નં | યં | એ | મી | વો | તુ | લ | સી | વિ | વા | હ |
| કા | ઉ | તી | શી | દ | કા | એ | લા | ર્જ | નિ | સો | ષ્ટ |

જવાબ : નૂતનવર્ષ, યમદ્વિતીયા, દેવઊઠી એકાદશી, તુલસીવિવાહ, કાર્તિકી પૂર્ણિમા, રામનવમી, વસંતપંચમી, ગુડીપડવો, નંદઉત્સવ, કાળી ચૌદશ, રાધાષ્ટમી, ગણેશ ચતુર્થી, દુર્ગાષ્ટમી, વામન જયંતી, ધનતેરસ, દીપાવલી, સંવત્સરી, રથયાત્રા, દિવાસો, રક્ષાબંધન, નિર્જલા એકાદશી, ધૂળેટી, બોળચોથ

નીચે કંપનીઓના લોગ આપવામાં આવ્યા છે તેના જવાબો આડા-અવળા લખવામાં આવ્યા છે તમે સાચા જવાબો લખીને આનો ઉકેલ શોધો.




(૧) ડાબર, (૨) હીરો, (૩) એશિયન પેઈન્ટ, (૪) વિપ્રો, (૫) પેપ્સી, (૬) મેકડોનાલ્ડ,
(૭) નિરમા, (૮) હેવલેટ પેકાર્ડ, (૯) નેસ્લે, (૧૦) શેલ ઓઈલ કંપની,
(૧૧) પારલેજી, (૧૨) અમુલ, (૧૩) રિલાયન્સ, (૧૪) ટાઈમ્સ ઓફ ઈન્ડિયા

જવાબ : A (૪), B (૧), C (૫), D (૧૩), E (૬), F (૭), G (૩), H (૧૦), I (૨), J (૮),
K (૧૪), L (૧૨), M (૧૧), N (૯)

## બાળ વિભાગ

**ખાનામાં આપેલા અક્ષરો જોડી, બાળકોને શબ્દો બનાવતા શિખવાડો.**

| | | | | |
|---|---|---|---|---|
| અ | ડા | હે | ફ | બા |
| ટા | ઈ | નુ | ગ | ન |
| બ | વી | ક | જ | ત |
| લા | ૨ | મી | ધ | પ |

દા.ત. - જમીન

## હસતા રમતા નવું નવું બનાવો

### હસ્તકામ

(૧) તુલસીનો છોડ રોપેલું ડેકોરેટીવ કુંડુ (૨) પાણીમાં તરતા દિવડા (૩) સોફા સેટ (૪) ડિઝાઈનવાળા છત્રમાં લેમ્પ (૫) ડેકોરેટીવ આલ્ફાબેટ્સ HAPPY DIWALI (૬) ચીકણી માટીમાંથી ગણપતિ (૭) ફાનસ

### ચિત્રકામ

(૧) મારા ઘરની બાલ્કનીમાંથી દેખાતો સૂર્યોદય (૨) દરવાજા પર ડિઝાઈન (૩) ઈન્ટરનેશનલ એરપોર્ટ (૪) ઘર-મંદિર (૫) વિવિધ કાર્ટૂન (૬) ટ્રાફિક હવાલદાર (૭) કઠપૂતળીનો ખેલ

## જાણવું અને માણવું

◆ દુનિયાની સૌથી સુરક્ષિત વિમા પોલીસી છે,
ભગવાન પરનો ભરોસો,
બસ તમે રોજ સારા કર્મના પ્રીમીયમ ભરતા રહો !!

◆ 'શિક્ષક' અને 'રસ્તો' બંને એક સરખા જ હોય છે....
તે જ્યાં હોય ત્યાં જ રહે છે....
પણ બીજાને પોતાના ગંતવ્ય સુધી
પહોંચાડી જ દે છે....!!

◆ જ્યાં સુધી આપણે એકબીજાની મદદ કરતા રહીશું
કદી નહીં પડીયે...
પછી તે
વ્યવસાય હોય, કુટુંબ હોય કે સમાજ હોય !!

◆ પદથી મળતી પ્રતિષ્ઠાનો સમય મર્યાદિત છે.
પરંતુ
વ્યક્તિત્વથી પ્રાપ્ત થતી પ્રતિષ્ઠા આજીવન છે !!

◆ થોડી આપણા હાથે
થોડી તકદીરના હાથે
લખાયેલી નાની નાની
વાર્તાઓનો સંગ્રહ
એટલે —
'આપણી જિંદગી'

◆ 'હે પ્રભુ'
એટલું દે જો
કે શોધવું પણ ના પડે
કે સંતાડવું પણ ના પડે.

◆ જે વ્યક્તિ ધીરજ ધરી શકે છે,
એ વ્યક્તિ ધાર્યું કરી શકે છે,
દિવાનું પોતાનું કોઈ ઘર
નથી હોતું
પરંતુ જ્યાં મૂકો ત્યાં અજવાળુ કરે છે

# શુકન

- સંકલન

## ભગવાનનો ભરોસો

સોળ સૈનિકોની એક ટુકડીની ત્રણ મહિના માટે હિમાલયમાં નિમણૂક થઈ. એક ઓફિસર અને પંદર સૈનિકોની આ ટુકડીએ પર્વતારોહણ શરૂ કર્યું. ચઢતા ચઢતા ઓફીસરને વિચાર આવ્યો કે અહીં કોઈ ચા ની દુકાન હોય તો કેવું સારું ! પરંતુ આજુબાજુ કોઈ દેખાતું નથી.

આગળ ચઢતા દૂર એક દુકાન દેખાય છે. તેથી બધાને આશા જાગી કે અહીં ગરમ ચા મળી જાય તો આગળ જવામાં થોડી શક્તિ અને સુવિધા રહે. દુકાનની પાસે જાય છે તો દુકાન બંધ ! કોઈ વ્યક્તિ ત્યાં ન હતી. સૈનિકોએ ઓફીસરને પૂછયું કે જો તમે પરવાનગી આપો તો અમે તાળું તોડીએ. ચોરી કરવાનો ભાવ નથી પણ ચઢવું મુશ્કેલ છે અને આપણે આ દેશ માટે જ કરી રહ્યા છીએ. ઓફીસર દુવિધામાં પડી ગયા કે આવું અનૈતિક કાર્ય કરવું કે ન કરવું ? પરંતુ સમયની જરૂરિયાત સમજી તાળું તોડયું. અંદર જઈ બધાએ ચા અને બિસ્કીટ ખાધાં. ઓફીસર દુઃખી હતો કે ભલે જરૂરિયાત હતી, પણ આ ચોરી કહેવાય. તેથી તેણે એક હજાર રૂપિયાની નોટ કાઢી અને સાકરના ડબ્બા નીચે મૂકી દીધી, જેથી દુકાનદારને પૈસા ચૂકવ્યાનો સંતોષ મળે.

ત્રણ મહિના પછી એ લોકોને સમાચાર મળ્યા કે એક નવી ટુકડી આવી છે, તમે પાછા આવો. એ લોકો પાછા ફરે છે. પાછા ફરતા ફરી આ ચા ની દુકાન જોઈ. સદ્ભાગ્યે આ વખતે દુકાન ખુલ્લી હતી. બધાં ચા પીએ છે. ઓફીસરના હૃદયમાં હજી ખટક તો હતી જ, એટલે એ દુકાનના માલિક પાસે જઈ પૂછે છે, 'પહાડી ઉપર, આટલી ઠંડીમાં, આટલે દૂર તમારી અહીં દુકાન-ભગવાન હોય તો આવું કંઈ રીતે હોય ?'

દુકાનદાર કહે છે, 'આવું ન બોલશો, ભગવાન તો સાક્ષાત છે. ભગવાન સાચે જ અસ્તિત્વ ધરાવે છે. પણ એમના દર્શન કરવા દ્રષ્ટિ જોઈએ.' ઓફિસર પૂછે છે, 'તું શાના આધારે આવું કહે છે.?' દુકાનદાર પૂરો વૃત્તાંત સંભળાવ્યો, મારો એક દિકરો છે. તેણે આંતકવાદી સંબંધી માહિતી પોલીસને આપી. આંતકવાદીઓને જાણ થતાં તેને બહુ ખરાબ રીતે માર્યો. તેને હોસ્પિટલમાં દાખલ કર્યો અને ડૉક્ટરે દવાનું મોટું લીસ્ટ આપ્યું. પરંતુ મારી પાસે એકાઉન્ટમાં દવા લેવાના પૈસા ન હતા. મેં પ્રાર્થના કરી, ભગવાન આ સ્થિતિમાં મને સંભાળી લો. હું બહું જ નિરાશ હતો. ઘેર જઈ પત્નીને કહ્યું કેવી રીતે કે પૈસા નથી. તેથી હું મારી ચા ની દુકાન પર ગયો અને હતાશાપૂર્વક ટેબલ પર માથું રાખ્યું. ત્યાં તો એક સાકરના ડબ્બાની નીચે એક હજાર રૂપિયા જોયા. આવી પહાડી પર, આટલી ઠંડીમાં, આટલે દૂર, અડધી રાતે જો ઈશ્વર મને હજાર રૂપિયા આપી શકે તો એમના અસ્તિત્વને કેવી રીતે નકારી શકાય ? તેઓ પળે પળ મારી સંભાળ લે છે, એમાં સંદેહ કેવી રીતે કરી શકાય ?

આ કથામાંથી એ સંદેશ મળે છે કે ભગવાનનો અને એના સમયનો ભરોસો રાખવો. અધીરાઈ ન

કરવી. જો અપેક્ષાઓ હશે કે આવું થાય તો જ ભગવાનને મારા પ્રત્યે પ્રેમ છે, આવું થાય તો જ એમણે મારા પર કૃપા કરી, તો આકુળ વ્યાકુળ થશો. વિશ્વાસ રાખો કે એ છે ધ્યાન રાખવાવાળા અને એમની રીતે મારી સંભાળ લઈ જ રહ્યાં છે.

- ડૉ. રાકેશભાઈ

## પ્રામાણિકતાનો પુરસ્કાર

પ્રજા પ્રિય રાજવીએ જોયું કે એના રાજ્યમાં સર્વત્ર ભ્રષ્ટાચાર અને અવ્યવસ્થા વ્યાપી ગયા છે. પોતે પ્રજાને આટલો બધા ચાહતો હોવા છતાં રાજ્યની સ્થિતિ આવી કેમ થઈ ગઈ હશે? કારણની તપાસ કરતા જાણવા મળ્યું કે એના દરબારીઓ માત્ર ખુશામતખોરો બની ગયા છે. રાજાને રાજ્યની સાચી પરિસ્થિતીથી વાકેફ રાખતા નથી અને તેથી રાજ્યમાં અંધાધૂંધી પ્રવર્તે છે.

રાજાએ વિચાર્યું કે આ દરબારીઓમાંથી કોઈ પ્રમાણિક વ્યક્તિને શોધવી પડશે, તો જ રાજકાજ બરાબર ચાલશે. એની પરખ કરવા રાજાએ એક યુક્તિ અજમાવી. એણે દરબારના ચાર મુખ્ય દરબારીઓને બોલાવીને દરેકને બીજ, ખાતર અને એક એક કુંડુ આપ્યું અને તેમને કહ્યું કે તમે મારે માટે એક છોડ ઉગાડી લાવો. જેનો છોડ સૌથી સુંદર અને વિકસિત હશે, તેને હું મોં માંગ્યું ઈનામ આપીશ.

ચારે દરબારીઓ પ્રસન્ન થયા. એમને લાગ્યું કે આ તો સાવ આસાન કામ છે. માત્ર ખાતર-પાણી નાંખવાના છે. વળી જો બીજમાંથી સરસ મજાનો છોડ ઉગશે, તો ઈનામ મળશે.

સમગ્ર રાજ્યમાં આ વાત ચર્ચાનો વિષય બની. ચાર-પાંચ મહિના બાદ દરબારીઓ પોતાનું કુંડુ લઈને દરબારમાં હાજર થયા. બધાંના કુંડામાં સુંદર છોડ ઊગ્યો હતો, માત્ર એક કુંડામાં કશું ઊગ્યું ન હતું. રાજાએ કુંડાના છોડને જોયા અને દરબારીઓની મહેનતની ખૂબ જ પ્રશંસા કરી. પરંતુ મોં માંગ્યું ઈનામ તો એને આપ્યું જેના કુંડામાં છોડ નહોતો.

સૌ આશ્ચર્ય પામ્યા. રાજાએ હસીને કહ્યું, 'મેં આપેલા બીજ પાણીમાં ઉકાળેલા હતાં અને એ કોઈ કાળે ઊગી શકે તેવા નહોતા. બીજા બધાં એ તો એ બીજની બાજુમાં બીજા બીજ નાખીને છોડ ઊગાડી દીધો પરંતુ એક વ્યક્તિ ઈમાનદાર નીકળી. રાજ્ય ચલાવવા માટે મારે આવા સાચાદીલ અને પ્રામાણિક માનવીની જ જરૂરત છે. એ રાજ્ય ક્યારેય પ્રગતિ કરી શકે નહીં કે જેના દરબારીઓ માત્ર રાજાની ખુશામત કરવામાં માનતા હોય અને એને ખુશ રાખવા માટે સાચા-ખોટા માર્ગો અપનાવતા હોય. મારે તો પ્રજાની ખુશાલીનો વિચાર કરી શકે તેવા પ્રામાણિક દરબારીની જરૂર હતી, જે મને આજ મળી ગયો.'

- ડૉ. કુમારપાળ દેસાઈ

## નવી ટેવોનું ઘડતર

એકવાર એક કાફલાવાળા ઊંટને લઈને જતા હતા, ત્યારે રાત્રિ રોકાણનો સમય આવ્યો. પણ છેલ્લે તેમને ખ્યાલ આવ્યો કે રણમાં ઊંટને બાંધવા માટેના દોરડાં અને ખીલા તેઓએ અગાઉ જ્યાં

વિશ્રામ કર્યો હતો ત્યાં ભૂલી ગયા છે. હવે શું કરવું ? સૌ થાકેલા હતા. રાત્રિ વિરામ કરવો જરૂરી હતો. ઊંટને બાંધ્યા વગર રાખે તો રાત્રે રણમાં ક્યાયં પણ જતાં રહે. સૌ કોઈ ઊંટને બેસાડવા પ્રયત્ન કરવા લાગ્યા, પણ ઊંટ બેસે જ નહીં. એક વડીલ અનુભવી આ તમાશો જોતા હતા. તેમણે સલાહ આપી કે તમે દરરોજ જેમ કરો છો તેમ દોરડાં લાવવાની, ઊંટને પગે બાંધવાની, ખીલા ખોડવાની, ગાંઠ વાળવાની - આવી બધી જ પ્રક્રિયાઓ કરો. તમારે એવો જ અભિનય કરવાનો છે કે તમે ઊંટ બાંધી રહ્યાં છો..સૌ એ વડીલનું માનીને આવો અભિનય કર્યો. ઊંટને ઈશારો કરી બેસવાનું કહ્યું તો રોજની માફક બધા જ ઊંટ બેસી ગયા. બધાને નવાઈ લાગી.

આખી રાત પસાર થઈ ગઈ. સવારે બધાં જ ઊંટ હાજર હતા. હવે કાફલાને આગળ વધવું હતું. સૌ ઊંટને ઊભા કરવા લાગ્યા પણ આ શું ? એક પણ ઊંટ ઊભું ન થયું. બધાએ બહું જ પ્રયત્ન કર્યા... ત્યાં પેલા વડીલ સજ્જન આવ્યા... તેમણે સમજાવ્યું કે રાત્રે તમે ઊંટને અભિનયથી બાંધી દીધા છે. તેઓ માને છે કે તેઓ બંધાયેલા છે... હવે જો તમારે ઊંટને ઉભા કરવા હોય તો, રોજની માફક દોરડાં છોડવાની ક્રિયા કરો તો જ ઊંટ ઊભા થશે. સૌએ વડીલની સૂચના પ્રમાણે કર્યું. તો ઊંટ ઊભા થઈ ગયા.

આ વાર્તાનો મર્મ શું છે? ટેવ અને વર્તન, આપણા મનમાં એક ચોક્કસ પ્રકારના ઢાંચાની


**Dr. Shikha Dharia**
**B.D.S**

Dent Villa
The Complete Family Dental Care

**Treatments we offer are:**

• A complete dental consultation with digital x-ray.
• Complete prophylaxis (clean up) and gum care.
• Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
• Smile designing and esthetics.
• Complete prophylaxis for children.
• Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**

9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.

**Contact: 8879088330**

Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

રચના થઈ ગયા પછી આપણે તે પ્રમાણે જ વર્તીએ છીએ. આપણી અત્યારની ટેવો અને વર્તન મુજબ છે.. શું તે બદલી શકાય ? તેનો જવાબ છે - હા. વ્યક્તિ જાગૃતિપૂર્વક સતત પ્રયત્ન કરીને પોતાનું વિચાર્યું અને વર્તનરાહ બદલી શકે છે. આપણે શું કરવું જોઈએ, શું ના કરવું જોઈએ, કઈ ક્રિયાથી લાભ થાય, શેનાથી ગેરલાભ થાય એ બધી સમજ આપણી પાસે છે જ. પણ આપણે ટેવ અને વર્તનથી બંધાઈ ગયા પછી તેમાંથી છૂટવા માંગતા નથી અને અપેક્ષાઓ ખૂબ ઊંચી રાખીએ છીએ. તો મિત્રો ! નવા વર્ષે, ચાલો સૌ વિચારો, ટેવો અને વર્તન બદલીએ. તેમજ આપણે જેવું જોઈએ તેવું (આદર્શ) જીવન જીવવાની શરૂઆત કરીએ... ખરું ને ?

**- ડૉ. દીપકભાઈ**

---

**બાળકોને ઉપર આપેલી ત્રણે કથા વાર્તા વાંચી સંભળાવો અને નીચે પૂછેલા પ્રશ્નોના જવાબ સમજાવો.**

**(૧) ટૂંકમાં જવાબ કહો.**

(ક) કોઈપણ એક વાર્તાનું નામ તથા તેના લેખકનું નામ કહો.

(ખ) દુકાનનું તાળું તોડયા પછી સૈનિકોએ અને ઓફીસરે શું કર્યું ?

(ગ) રાજાના મત મુજબ રાજ્ય ક્યારે પ્રગતિ કરી શકે નહીં ?

(ઘ) વડીલ અનુભવીએ કાફલાવાળાને શું સલાહ આપી ?

(ચ) 'નવી ટેવોનું ઘડતર' વાર્તા વાંચી આપણને શું શીખ મળે છે ?

**(૨) ખાલી જગ્યા પૂરો.**

(ક) આપણે આપણા...............માં એક ચોક્કસ પ્રકારની............. નું રચના થઈ જાય પછી આપણે તે પ્રમાણે જ વર્તીએ છીએ.

(ખ) રાજાએ વિચાર્યું કે આ દરબારીઓમાંથી કોઈ...................... વ્યક્તિને શોધવી પડશે, તો જ .......................... બરાબર ચાલશે.

(ગ) આવી પહાડી પર, આવી ઠંડીમાં, આટલે દૂર અડધી રાત્રે જો....................... મને હજાર રૂપિયા આપી શકે તો એમના..................... ને કેવી રીતે નકારી શકાય ?

**(૩) વિરુધ્ધાર્થી શબ્દ લખો.**

પોલીસ, સંતોષ, ખુશાલી, ઊગશે, લાભ, બાંધવું

**(૪) તમને પોતાને કયા વિષય પર વાર્તા લખવી અથવા કહેવી ગમશે ? શા માટે ?**

## હિંડોળા ખાટ

## ગીત/કાવ્ય/ગરબા/ભક્તિગાન અને તેના રચયિતા કોણ છે ? ઓળખો.

### યોગ્ય જોડી જોડો

| રચના | રચયિતા |
| --- | --- |
| (૧) રાધાનું નામ તમે વાંસળીના સૂરમહીં વહેતું ના મેલો, ઘનશ્યામ | (ક) કલાપી |
| (૨) વા વાયા ને વાદળ ઉમટ્યાં, ગોકુળમાં ટહુક્યા મોર, મળવા આવો સુંદિર વર શામળિયા | (ખ) હરીન્દ્ર દવે |
| (૩) ગમતું મળે તો અલ્યા, ગૂંજે ન ભરીએ ને ગમતાં નો કરીએ ગુલાલ | (ગ) વલ્લભ ભટ્ટ |
| (૪) પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં, જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ | (ઘ) સુરેશ દલાલ |
| (૫) વાંકે અંબોડે શ્રીનાથજી ને સુંદર શ્યામ સ્વરૂપ | (ચ) નર્મદ |
| (૬) રે પંખીડાં ! સુખથી ચણજો, ગીત વા કાંઈ ગાજો. | (છ) અવિનાશ વ્યાસ |
| (૭) કાલુડી કૂતરીને આવ્યાં ગલૂડિયાં, ચાર કાબરાં ને ચાર ભૂરિયાં રે | (જ) માધવદાસ |
| (૮) તૈયાર થઈ જજો ! તૈયાર થઈ જજો ! નાત, ભાત, જાત તારી કોઈપણ હજો | (ઝ) પુનિત મહારાજ |
| (૯) રંગતાળી, રંગતાળી, રંગતાળી રે રંગમાં રંગતાળી | (ટ) નરસિંહ મહેતા |
| (૧૦) જય કાના કાળા, પ્રભુ નટવર નંદલાલા, મીઠી મોરલીવાળા | (ઠ) ઝવેરચંદ મેઘાણી |
| (૧૧) સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે, યા હોમ કરીને પડો, ફતેહ છે આગે | (ડ) મકરંદ દવે |

જવાબ : (૧) ઘ, (૨) ટ, (૩) ડ, (૪) ખ, (૫) જ, (૬) ક, (૭) ઠ, (૮) છ, (૯) ગ, (૧૦) ઝ, (૧૧) ચ

---

## યોગ્ય પર્યાય શોધીને ખાલી જગ્યા પૂર્ણ કરો.

## દિવાળી

**(વાણી, તેજે, ભસ્માસૂર, ભાઈબીજ, કમળ, રમા-એકાદશી, ગોવર્ધન, પ્રકાશ, બલીરાજા, વિક્રમાદિત્ય, સમુદ્રમંથન, જ્ઞાન, નરકાસૂર, ગરુડ, દિવાળી)**

(૧) વિક્રમ સવંતનું શરૂ થતું નૂતન વર્ષ ઉજ્જૈન નગરીના મહાપ્રતાપી, સાહિત્ય-કલાપ્રેમી, લોકશાસક ________ દ્વારા શરૂ થયું.

(૨) ભાગવતપુરાણ પ્રમાણે ઈન્દ્ર મહોત્વસને સ્થાને શ્રીકૃષ્ણે ____________ પૂજા શરૂ કરી.

(૩) ____________ ના દિવસે યમુના નદીમાં સ્નાનનું મહત્ત્વ છે.

(૪) આસો વદ અગિયારસ એટલે ____________

(૫) 'વાઘ' એ સંસ્કૃત શબ્દ છે જેનો ગુજરાતી અર્થ ____________ થાય છે.

(૬) લક્ષ્મીના જન્મની કથા .................. સાથે જોડાયેલી છે.

(૭) શ્રી લક્ષ્મીદેવીનું આસન ____________ છે.

(૮) દેવોની વિનંતી થી શ્રી કૃષ્ણ ભગવાને ____________ નો નાશ કર્યો.

(૯) દિવાળી તો ____________ નું પર્વોત્સવ છે.

(૧૦) ઊંડા અંધારેથી પ્રભુ, પરમ ____________ તું લઈ જા.

(૧૧) ____________ એ પ્રકાશનો પર્યાય છે.

(૧૨) વિષ્ણુપુરાણ પ્રમાણે ભગવાન વિષ્ણુએ ____________ પાસેથી ત્રણેય ભુવન પાછા લીધા.

જવાબ : (૧) વિક્રમાદિત્ય (૨) ગોવર્ધન (૩) ભાઈબીજ (૪) રમા-એકાદશી (૫) વાણી (૬) સમુદ્રમંથન (૭) કમળ (૮) નરકાસૂર (૯) પ્રકાશ (૧૦) તેજે (૧૧) જ્ઞાન (૧૨) બલીરાજા.

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

C/o. શ્રી પ્રગતિ સમાજ, ૪૫/૪૯, બાબુગેનુ રોડ, મુંબઈ – ૪૦૦૦૦૨

બાલાસિનોરના વ્હાલા વૈષ્ણવો સર્વેને જય જય શ્રી ગોકુલેશ

હાલની કોવિડની પરિસ્થિતીને ધ્યાનમાં રાખતાં અને સરકારી ફરમાન ને અનુલક્ષીને ઉપરોક્ત સમાજ તરફથી ઉજવવામાં આવનાર તમામ જાહેર અથવા ખાનગી ઉત્સવો તા. ૩૧ મી ડીસેમ્બર ૨૦૨૦ સુધી મોકુફ રાખવામાં આવેલ છે. ત્યાર બાદ ઉજવવામાં આવનારા ઉત્સવો અંગે પરિસ્થિતી અનુસાર નિર્ણયો લેવામાં આવશે. તે અંગેની માહિતી આગામી જ્યોતિપુંજના અંકોમાં રજૂ કરાશે.

**લી.**

**શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**

**શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (પ્રમુખ)** **શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીયા (ઉપપ્રમુખ)**

**શ્રી જસ્મીન બીપીન શેઠ (મંત્રી) ના જય જય શ્રી ગોકુલેશ**


## દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. – ૯૫૯૪૩૨૬૨૦૨**

**ઘર : ૦૨૨-૨૮૯૦૪૧૦૩**


**બાંધવા માટે**
**પાયો મજબુત હોવો જોઈએ,**
**પછી એ**
**સંબંધ હોય કે ઘર હોય!!**

## પ્રકીર્ણ વિભાગ

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ❖ દિનેશ બાબુલાલ દોશી | ૬૮ |
| ❖ રોશની વિશાલ પરીખ (ડાબલી) | ૩૮ |
| ❖ શૈલેષ કિર્તનલાલ દેસાઈ (તલાટી) | ૭૨ |
| ❖ પિયુષ કોદરલાલ પરીખ (સૂબા) | ૭૩ |
| ❖ ભરત રમણલાલ શાહ (વસનજી) | ૭૪ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**

Authorised Distributors

# POLYCAB

## WIRES & CABLES





- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

AMRISH KACHARIA +91 9769025153

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

Publishing day 20th of every month

44

JYOTI PUNJ - October - 2020

WPP License No. MR/TECH/WPP-147/South/2018-20
Regd.No.MCS / 050 / 2018 - 20
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

**ANUKOOL** selections

**BACK TO SCHOOL VIA ANUKOOL**

**SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS**

NAVIN PAREKH

RASESH PAREKH

Anukool Selections, 542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.
Contact: 2361 2848 - 2369 4166, E: anukoolselections@gmail.com,
www.anukoolselections.com

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh & Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.